
# Index





## INTRODUCTION :



કમ્પ્યૂટર એક મશીન છે અને કમ્પ્યૂટરની મદદથી ઘણા બધા કાર્યો કરી શકાય છે. પરંતુ કમ્પ્યૂટર મશીનને ચાલુ કરવા માટે એટલે કે કામ કરવા માટે સક્ષમ બનાવવા માટે સૌ પ્રથમ તેમાં Operating System હોવી જરૂરી છે. Operating System ની મદદથી મશીન અને માણસ વચ્ચે સુમેળ જળવાઈ રહે છે અને તેથી આ બંનેને જોડતી કડી રૂપે Operating System કમ્પ્યૂટરમાં ન હોય તો ભલે પછી કમ્પ્યૂટર નવું જ હશે છતાં પણ તે ચાલુ થશે નહિ. એટલે કે ટૂંકમાં કમ્પ્યૂટર ચાલુ કરવા માટેની પ્રથમ શરત એ છે કે તેમાં Operating System હોવી જરૂરી છે.

## WHAT IS AN OPERATING SYSTEM ?

Operating System એ એક પ્રકારનું System Software છે. જે માણસ અને કમ્પ્યૂટર વચ્ચે દુભાષિયાનું કામ કરે છે. તેમની વચ્ચે સમન્વય સાધે છે. તે માણસ અને મશીન વચ્ચે જોડતી કડીનું કાર્ય કરે છે.

## DIFFERENT TYPES OF AN OPERATING SYSTEM ?


- DOS - Disk Operating System
- Windows 95
- Windows 98
- Windows 2000
- Windows ME
- Windows NT
- Unix
- Linux


આપણે આ course માં Windows XP નામની Operating System વિશે જાણવાનું છે. Windows XP એ Single User Multitasking operating system છે. Windows XP એ GUI (Graphical User Interface) છે. જેમા મોટા ભાગનું કાર્ય Graphics Interface ના સ્વરૂપમા હોય છે, તેમજ command આપવા માટે ટાઈપીંગ કરવાની જરૂર પડતી નથી. Windows XP ની graphical display ઘણી સારી ગુણવત્તાની છે. Windows XP એ શીખવામાં ઘણી સરળ છે. Windows XP માં કોઈપણ hardware device સરળતાથી Install કરી શકાય છે.



## How to Start Computer ?

કમ્પ્યૂટર ચાલુ કરવા માટે તમારા કમ્પ્યૂટરના કેબીનેટમાં બે બટન આપેલ છે. જેમાંથી પહેલુ છે ⏻ Power Button અને બીજુ હોય છે Restart Button. Computer ચાલુ કરવા માટે પહેલુ બટન એટલે કે ⏻ Power button દબાવવું જેથી કમ્પ્યૂટરમાં બીપ કરીને અવાજ સંભળાશે જેનો અર્થ છે કે કમ્પ્યૂટર ચાલુ થઈ રહ્યું છે. આ દરમ્યાન જો તમારા મોનીટરની સ્વીચ ઓફ હોય તો તેને પણ ON કરજો. Computer ચાલુ થતા શરૂઆતમાં જે process દેખાય છે એને Botting Process કહેવાય. ત્યારબાદ કમ્પ્યૂટર Start થઈ જશે એટલે નીચે મુજબની logging screen આવશે જેમાં User select કરી Password આપવાનો હોય છે. એ ખાસ ધ્યાન રાખવું કે Password એ Case Sensitive હોય છે એટલે કે કેપીટલ અક્ષરમાં Password હોય તો કેપીટલમાં અને બીજી abcd માં Password હોય તો બીજી abcd માં જ Password આપવાનો રહેશે.




ત્યારબાદ કમ્પ્યૂટર ચાલુ થઈ ગયા પછી નીચે મુજબની સ્ક્રીન દેખાશે.



બાજુમાં દર્શાવેલ સ્ક્રીનને Desktop કહેવામાં આવે છે. જેમાં My Computer, My Documents & Recycle Bin વગેરે Icon આવે છે. ત્યારબાદ નીચેની લાઈનને Taskbar કહેવામાં આવે છે. જેમાં જમણી બાજુ Current time બતાવે છે અને જો એ time ઉપર Mouse નું pointer રાખવામાં આવે તો Current date પણ બતાવે છે. Taskbar ની ડાબીબાજુ Start નામનું બટન છે. Windows XP માં કોઈપણ Program ચાલુ કરવા હોય તો તે Start button ઉપર click કરી ચાલુ કરી શકાય છે. અને તમે હાલમાં કયા program માં કે application માં કામ કરી રહા છો તે પણ taskbar માં બતાવે છે.

## Change Date & time :


Taskbar માં જમણી બાજુએ દર્શાવેલ સમય ઉપર double clcik કરો. ત્યારબાદ નીચે દર્શાવેલ Date & Time properties નું dialogbox open થશે.





તેમાં Date & Time માં પહેલા dropdown list માંથી મહિનો select કરી તેની ઉપર ક્લીક કરો. ત્યારબાદ સાલને scroll button થી select કરો અને નીચે દર્શાવેલ તારીખમાંથી તારીખ select કરો. ત્યારબાદ જો time બદલવો હોય તો પહેલા ક્લાકના ખાનામાં ક્લીક કરી Scroll button થી ક્લાક select કરો. ત્યારબાદ એજ રીતે મીનીટ અને સેકન્ડ select કરો અને એજ રીતે am કે pm સીલેક્ટ કરી Apply button ઉપર ક્લીક કરી OK button ઉપર ક્લીક કરો.


## Properties of the Taskbar :

Start Menu ઉપર mouse pointer લઈ જઈને right click કરતાં properties ઉપર ક્લીક કરો.




એટલે નીચે મુજબ Taskbar and Start Menu properties open થશે.






એમાં Taskbar appearance માં નીચે મુજબના અલગ-અલગ options આપેલ છે.

1. **Lock the taskbar :** આ checkbox માં ▤ કરેલુ હશે તો taskbar ની position કોઈ change નહિ કરી શકે.

2. **Auto-hide the taskbar :** આ checkbox selected નહિં હોય ત્યારે screen ની નીચે Desktop માં taskbar જોવા મળશે. પરંતુ જો checkbox ▤ હશે ત્યારે taskbar hide થઈ જશે. અને તેની જગ્યાએ માઉસ કર્સર લઈ જશો ત્યારે જ તે જોવા મળશે.

3. **Keep the taskbar on top of other windows :**
આ checkbox માં ▤ કરેલું હશે ત્યારે કોઈપણ program open કરશો ત્યારે નીચે taskbar જોવા મળશે. પણ જો checkbox selected નહીં હોય ત્યારે કોઈપણ program open કરતાં નીચે taskbar જોવા મળશે નહીં.

4. **Group Similar taskbar buttons :**
આ checkbox માં ▤ કરેલું હશે ત્યારે એકજ પ્રોગ્રામ એકથી વધારેવાર open કરવામાં આવશે તો તેનું ગ્રુપ બનાવી દેશે.

5. **Show Quick Launch :**
આ checkbox માં ▤ કરેલું હશે ત્યારે Windows Media player, Internet Explorer જેવા વધારે વાર ઉપયોગમાં આવતા Programs નું list Start menu ની બાજુમાં બતાવશે.

6. **Show the Clok :**
આ checkbox ઉપર ▤ હશે તો જ taskbar ની જમણીબાજુ સમય બતાવશે. જો નહિ હોય તો સમય નહિ બતાવે.

7. **Hide inactive icons :**
આ checkbox ઉપર ▤ હશે તો સમયની બાજુમાં જે icons તમે ઉપયોગમાં નહિ લેતા હોય તે hide કરી દેશે.

Taskbar and Start Menu Properties માં બીજુ option start menu ઉપર ક્લીક કરતાં નીચે મુજબની screen જોવા મળશે.


તેમાં બે option
નીચે મુજબ છે.




1. **Start Menu :** આ checkbox ☐ હશે તો તમે internet, email અને વારંવાર ઉપયોગ કરતાં પ્રોગ્રામને સરળતાથી વારંવાર ઉપયોગમાં લઈ શકશો.

2. **Classic Start Menu :**
આ checkbox ☐ હશે તો તમે Windows ના જુના versions ની જેમજુની રીતનું Start Menu જોવા મળશે.
Customize button ઉપર click કરતાં તમે icon ની size નાની રાખવી છે કે મોટી તે નક્કી કરી શકો છો. તેમાં આપેલા clear list button ઉપર ક્લીક કરતાં છેલ્લે open કરેલી applications ની list start menu માંથી નીકળી જાય છે. OK button ઉપર ક્લીક કરતાં setting apply થાય છે. Settings ને કાયમી કરવા માટે apply button ઉપર ક્લીક કરી OK butter ઉપર ક્લીક કરવું.

## MY COMPUTER :





Desktop ઉપર આપેલા My Computer ના icon ઉપર double click કરતાં આ મુજબ My Computer open થાય છે.

My Computer નો ઉપયોગ Computerમાં Install થયેલી દરેક Disk Drive તથા Control panel ખોલવા માટે થાય છે. આના ઉપયોગ દ્વારા કોઈપણ Hard disk, CD, Floppy કે Pen Driveમાં જેટલી file અને folder છે તે દરેક વસ્તુ Access કરી શકાય છે.


## TERMS OFTEN USED FOR WINDOWS XP :

My Computer ઉપર ક્લીક કરતાં અલગ અલગ Drives બતાવે છે જેને C drive, D drive, F drive, જે drive open કરવી હોય તેની ઉપર double click કરતાં તે drive નીચે મુજબ open થશે.






તેજ રીતે એમાં રહેલા folder open કરવા માટે જેતે folder ઉપર double click કરતાં તે નીચે મુજબ open થશે.




## How to access CD/DVD ?

CDનું full form Compact Disc છે. CD/DVD access કરવા માટે સૌ પ્રથમ CD/DVD drive/writerનું eject button press કરી open કરો તેમાં CD/DVD મૂકી તેજ button ફરીથી press કરતાં તે બંધ થઈ જશે. ત્યારબાદ My Computer ઉપર double click કરતાં નીચે મુજબની screen દેખાશે.



તેમાં CDના Symbol વાળી driveને CD drive કહે છે. ત્યાં તમે જે CD enter કરી હશે તેનું નામ બતાવશે અહિં My Disc નામની cd insert કરેલ છે. તે CDના icon ઉપર double click કરતાં CDમાં રહેલા contents નીચે મુજબ જોવા મળે છે. તેમાં રહેલા folder open કરવા માટે આગળ જોયુ એ મુજબ double click કરતાં તે open થશે CDની storage capacity 700MB હોય છે.



## How to access Floppy disk ?

Floppy નું full form Flexible physical property છે. Floppy Access કરવા માટે સૌ પ્રથમ Floppy ને Floppy Driveમાં insert કરો. ત્યારબાદ My Computer ઉપર double click કરી $3^1/_2$ Floppy A ઉપર ક્લીક કરતાં Floppy Open થાય છે. Floppy diskની capacity 1.44MB હોય છે.

## How to access Pen Drive ?

Pen Drive Access કરવાં માટે સૌ પ્રથમ Pen Drive ને USB PORT જોડે connect કરો ત્યારબાદ My Computer ઉપર double click કરી Pen drive ઉપર double click કરતાં તેને access કરી શકાય છે.


## Magnetic Tape :



Hard disk, CD, DVD (Digital versatile Disc), Floppy, Pen drive ની જેમ magnetic tape નામની storage device આવે છે. જે સામાન્ય tape ની cassete જેવી જ દેખાય છે. પરંતુ એની storage capacity બાકી બધી strorage device કરતાં વધારે હોય છે. જ્યારે એની કિંમત પણ બીજી બધી device ના પ્રમાણમાં વધુ હોય છે.

## My Documents :

જયારે આપણે કોઈ windows application માં કામ કરીએ ત્યારે જો આપણે કોઈ બીજી directory save કરવા માટે selectન કરીએ તો મોટે ભાગે windows તેને My document folder માં save કરે છે. તેના ઉપર double click કરતાં તેમાં રહેલી files અને folders બતાવે છે. My Documents Open કરવાના step નીચે મુજબ છે.








STEP 1 Desktop ઉપર નીચે મુજબ દર્શાવેલ My Documents ના Icon ઉપર double click કરો.

STEP 2 ઉપર દર્શાવેલ icon ઉપર double click કરતાં My Documentsની Window open થશે.

My Documents માં My Pictures નામના folder pictures save થાય છે. જયારે My Music નામના folder માં music file save થાય છે.


## Recycle Bin :







જ્યારે પણ આપણે કોઈ file કે folder ને delete કરીએ ત્યારે તે file કે folder permanent delete થવાને બદલે Recycle Bin માં store થઈ જાય છે. જો આપણે તે file permanent delete કરવી હોય તો તેને Recycle Bin માંથી delete કરવી પડે છે. અને જો પાછી તેની જગ્યા એ લઈ જવી હોય તો તેને Restore કરવી પડે છે. Recycle Bin Hard diskની 10% જગ્યા રોકે છે.

STEP 1 સૌ પ્રથમ desktop ઉપર નીચે દર્શાવેલ Recycle Binના Icon ઉપર double click કરો.






અહીં deleted files & folders જોવા મળશે.

STEP 2 ઉપર દર્શાવેલ Icon ઉપર double click કરતાં નીચે મુજબની Recycle Bin ની Window Open થાય છે.

### Restore the file :

જો file ને delete નથી કરવી પરંતુ તેની જગ્યાએ પાછી લઈ જવી છે. તો તેને Restore કરવી પડે જેના steps નીચે મુજબ છે.

STEP 1 સૌ પ્રથમ જે file કે folder ને restore કરવું છે તે select કરો.

STEP 2 ત્યારબાદ ડાબીબાજુ દર્શાવેલ list માં બીજુ option એટલે કે Restore this item ઉપર કલીક કરતાં તે restore થઈ જશે.

### To Empty the Recycle Bin :


જો Recycle bin સંપૂર્ણ ખાલી કરવું હોય તો નીચે મુજબના સ્ટેપ્સ લેવા.





STEP 1 સૌ પ્રથમ Recyclebin open કરવું.

STEP 2 ત્યારબાદ ડાબી બાજુ દર્શાવેલ list માંથી first option એટલે કે empty the Recycle Bin ઉપર ક્લીક કરો. એટલે નીચે મુજબ message બતાવશે.





કે તમારે file કાયમ માટે delete કરવી છે એવું પૂછવામાં આવે છે. જો કાયમમાટે delete કરવું હોય તો YES ઉપર ક્લીક કરવું અને જો delete ન કરવું હોય તો NO ઉપર ક્લીક કરવું.


## How to create folder ?

જે ભાગમાં એક બીજા સાથે સંબંધ ધરાવતી ફાઈલો રાખવામાં આવે તેને ફોલ્ડર કહે છે ફોલ્ડર create કરવાના steps નીચે મુજબ છે.

STEP 1 સૌ પ્રથમ My Computer open કરી જે drive માં ફોલ્ડર બનાવવું છે તે ડ્રાઈવ નીચે મુજબ open કરો.



STEP 2 Menubar માં જઈને File Menu ઉપર Click કરતાં નીચે મુજબ File Menu open થશે. તેમાં New ઉપર pointer લઈ જાવો અને folder ઉપર ક્લીક કરો.







STEP 3 New Folder ઉપર ક્લીક કરતાં નીચે મુજબ New Folder લખેલુ Folder બની જશે.

STEP 4 ત્યારબાદ તમારે જે Folder નું નામ ટાઈપ કરવું હોય તે ટાઈપ કરી આપતા નવું ફોલ્ડર બની જશે.











STEP 5 હવે તે ફોલ્ડર Open કરવું હોય તો તેની ઉપર double click કરતાં તે નીચે મુજબ open થશે.



## BACK GROUND :


આનો ઉપયોગ desktop નું wallpaper બદલવા માટે થાય છે. જેના steps નીચે મુજબ છે.




STEP 1 Desktop ઉપર right click કરી તેમાં સૌથી છેલ્લું Properties Option સીલેક્ટ કરો.




STEP 2 Properties ઉપર click કરતાં નીચે મુજબનું dialog box open થશે. જેમાં Desktop Option Select કરવું.



STEP 3 Desktop ઉપર click કરતાં નીચે મુજબનું dialog box જોવા મળશે.

STEP 4 તેમાં આપેલા background list માંથી જે background picture select કરવું હોય તે કરી શકાય અને જો Picture તે listમાંથી ન લેવું હોય તો પણ બહારથી લેવું હોય તો Browse Button ઉપર click કરો. એટલે નીચે મુજબ browse નું dialog box જોવા મળશે.

STEP 5 તેમાં look in માંથી path select કરી Photos open કરતાં નીચે મુજબનું dialogbox જોવા મળે છે.

STEP 6 ત્યારબાદ Apply Button ઉપર click કરી OK button ઉપર click કરવું જેથી નીચે મુજબનું desktop જોવા મળશે.



## How to apply screen saver ?

Screen Saver એટલે જો આપણે કોઈપણ કામ કર્યા વગર computerને એમનું એમજ રહેવા દઈએ તો આપણે નક્કી કરેલા સમય પછી monitor પર અલગ અલગ ડીઝાઈન આપણે સીલેક્ટ કરી હોય તે આવવા માંડે છે. જેને screen saver કહે છે. જો તેને બંધ કરી આપણું કામચાલું કરવું હોય તો keyboard પરથી કોઈ પણ key press કરવાથી અથવા Mouse ને સહેજ move કરવાથી screen saver બંધ થઈ જશે screen saver apply કરવા માટેના steps નીચે મુજબ છે.





STEP 1 Desktop ઉપર right click કરી properties select કરો અને તેમાં screen saver ઉપર ક્લીક કરતાં નીચે મુજબના dialog box જોવા મળશે.

STEP 2 ત્યારબાદ screen saver list માંથી જરૂરી screen saver select કરો. ત્યારબાદ Settings Button ઉપર ક્લીક કરી જરૂરી setting કરો. ત્યારબાદ તે screen saver કેવું દેખાશે તે જોવા માટે Preview Button ઉપર ક્લીક કરો ત્યારે બાદ wait માં જરૂરી minutes set કરો. Apply Button ઉપર ક્લીક કરી OK button ઉપર ક્લીક કરો.

STEP 3 જેટલી minute set કરી હોય તેટલી minute પછી નીચે મુજબ screen દેખાશે.






## HOW TO APPLY THEME ?


Them એ background, sound, icons, pointers વગેરેને અલગ effect આપવા માટે use થાય છે. જેના steps નીચે મુજબ છે.

STEP 1 Desktop ઉપર right click કરી properties select કરવાથી નીચે મુજબની screen દેખાશે.





STEP 2 Theme option માંથી યોગ્ય theme select કરી Apply button ઉપર click કરી OK button ઉપર click કરતાં નીચે મુજબની screen દેખાશે.




## HOW TO CHANGE APPEARANCE ?

Appearance દ્વારા આપણે Dialog box, windows, Icons, Highlighted Item જેવી windowsની વસ્તુઓના કલર બદલી શકીએ છીએ. Appearance change કરવાના steps નીચે મુજબ છે.

STEP 1 Desktop ઉપર right click કરી properties માં જઈ Appearance select કરવાથી નીચે મુજબનું dialog box જોવા મળશે.



આગળ દર્શાવેલ screen માં જરૂરી changes અથવા setting કરવાથી તેના preview ઉપર જોવા મળશે. અને યોગ્ય લાગે તો Apply Button ઉપર click કરી OK button ઉપર click કરો.

## WINDOWS EXPLORER :

Windows Explorer માં કામ કરવા માટે બે mode આપવામાં આવેલ છે. Default mode એ સાદો અને ઉપયોગ કરવામાં સરળ છે. જેનું નામ My Computer છે જે તમારા Desktop ઉપર જોવા મળે છે. અને બીજો એટલે Windows Explorer જેના દ્વારા તમે fileને એક જગ્યાએથી બીજી જગ્યા એ transfer કરી શકો છો. Windows Explorer Open કરવાના Steps નીચે મુજબ છે.

STEP 1 Start Menu ઉપર click કરી ત્યારબાદ Program select કરી Accessories select કરી Windows Explorer ઉપર cursor લઈ જાઓ. જે નીચે મુજબ છે.


STEP 2 Windows Explorer ઉપર કલીક કરવાથી નીચે મુજબની windows open થશે. જેને Windows Explorer કહે છે.

## SEARCHING A FILE :


Computer માં કોઈ ફાઈલનું નામ ખબર હોય કે ન હોય તે ક્યાં પડી છે તે ખબર ન હોય તો search આપણને તે ફાઈલ શોધવામાં મદદ કરે છે. જેના steps નીચે મુજબ છે.

**STEP 1** Start ઉપર click કરી search ઉપર નીચે મુજબ ક્લીક કરો.








**STEP 2** Search ઉપર click કરતાં નીચે મુજબનું windows open થશે.




**STEP 3** જો કોઈ ફાઈલના નામના અમુક અક્ષર ખબર હોય તો All files and folders option select કરી પહેલા ખાનામાં ફાઈલનું નામ લખી. look in માં drive માં અથવા folder select કરી search ઉપર click કરતાં નીચે મુજબની screen જોવા મળશે.



**STEP 4** જો તે ફાઈલ ક્યા પ્રોગ્રામની છે તેનું extention type કરવાથી તે extension ની બધી file બતાવી દેશે.







## CONTROL PANEL :

Control Panelનો ઉપયોગ computerનાં Software, Hardwar તેમજ User ને control કરવા માટે થાય છે. control panel એ એક ફોલ્ડર છે. જેમાં ઘણા બધા tools ના collection આવેલા છે. control panel માં આવેલા આ tools, windowsને customize કરવા તથા hardware અને software environment set કરવા માટે વપરાય છે. Control panel open કરવાનાં steps નીચે મુજબ છે.


STEP 1 Start ઉપર ક્લીક કરી Control Panel ઉપર કર્સર રાખો.




STEP 2 ત્યારબાદ control panel ઉપર ક્લીક કરતાં નીચે મુજબની screenજોવા મળે છે.




**(1) Appearance and Themes :** આ tool ઉપર click કરતાં નીચે મુજબની screen જોવા મળે છે.




આમ ઉપર મુખ્ય tools દર્શાવવામાં આવ્યા છે.

(i) Display

(ii) Folder Option


(iii) Taskbar and Start Menu





**(i)** Display properties અને taskbar and start menu વિશે આપણે આગળ સમજૂતી લઈ લીધી છે.

**(ii)** **Folder Option :** Computer માં આવેલા folders કમાન્ડની properties change કરવા માટે આ toolનો ઉપયોગ થાય છે. આ માટે folder option ઉપર ક્લીક કરી view option select કરી Do not show hidden files and folders માં tick કરી Apply button ઉપર ક્લીક કરી OK button ઉપર ક્લીક કરતાં hidden કરેલી file અને folder જોઈ શકાતા નથી.




**(2)** **Printers and Other Hardware :** આ option ઉપર ક્લીક કરતાં નીચે મુજબના tools જોવા મળે છે.



(i) **Game Controllers :** Games ને લગતા નવા ડિવાઈસીસ set કરવા આ optionનો use થાય છે. જેમકે Joy Stick

(ii) **Keyboard :** Keyboard ને લગતાં નવા ડિવાઈસીસ settings કરવા આ option નો use થાય છે.

(iii) **Phone and modem option :** Internet connect કરવા માટે ખાસ કરીને આ optionનો use થાય છે.

(iv) **Scanner and cameras :** જો તમે અલગ અલગ scanners કે digital cameras કે Install કરેલ હોય તો તેના settings change કરવા માટે આ option નો use થાય છે.

(v) **Printer and faxes :** printer and faxના setting change કરવા માટે આ optionનો use થાય છે.

(vi) **Mouse :** Mouse ના Primary button change કરવા double click speed કરવા, અલગ અલગ pointers select કરવા તથા pointer ના motions set કરવા માટે આ option નો use થાય છે.

**Steps to change pointers :**

Mouse option ઉપર ક્લીક કરી pointers select કરો - ત્યારબાદ જે pointer બદલવું છે તે select કરો ત્યાર પછી Browse button ઉપર ક્લીક કરતાં જે pointer select કરી ઉપર ક્લીક કરો ત્યારબાદ Open ઉપર કલીક કરી Apply ઉપર કલીક કરી ok ઉપર કલીક કરો જેથી pointer બદલાઈ જશે.

(3) **Network and Internet connections :** Internet & Network નું નવા કનેકશન કરવા અથવા અગાઉના કનેકશનમાં changes કરવા આ option નો use થાય છે.

(4) **User Accounts :** નવા user add કરવા, user ના password બદલવા, user નું settings change કરવા તથા કોઈ user ને delete કરવા માટે આ option નો use થાય છે.

(5) Date, Time, language and Regional options, Date અને Timeના settings change કરવા આ Option નો use થાય છે જે આપણે અગાઉ જોઈ ગયા.

(6) **Accessibility Option :** Windowsની facility specially એવા person માટે designed કરવામાં આવે છે કે જે handicapped હોય છે. અથવા Repetitive strain injury કે જે Alt Key અથવા Ctrl Key hold કરવા તથા કોઈ બીજી key Press કરવા માટે મુશ્કેલી અનુભવે છે. અથવા જે caps lock, numlock key on અથવા off છે કે નહિ તે જોઈ શકતા નથી. તેવા person ને help કરવા માટે આવા option ઉપયોગી બને છે.





**(7) Sounds, Speech and Audio devices :** Speaker recording ના option set કરવા માટે આ optionનો ઉપયોગ થાય છે.

**(8) Add or Remove Programs :** કોઈપણ Software કે program ને કોમ્પ્યુટરમાં install કરવા અથવા તેને કોમ્પ્યુટરમાંથી remove કરવા આ option નો થાય છે. આ option ઉપર ક્લીક કરતા નીચે મુજબના screen જોવા મળે છે.

- **To Remove Program**

જે porgram remove કરવા માટે currently installed programs select કરી Change/Remove button ઉપર ક્લીક કરતાં તે program remove થઈ જશે.

- **To add or Install new program**





સૌ પ્રથમ ડાબી બાજુ ઉપર આવેલા add new programs સીલેક્ટ કરો.













CD or Floppy Button ઉપર ક્લીક કરો.

STEP 3 Next ઉપર ક્લીક કરો.






STEP 4 Browse ક્લીક કરી path select કરો open ઉપર ક્લીક કરો.







STEP 5 Finish ઉપર ક્લીક કરો.



STEP 6 Install ઉપર ક્લીક કરો.




ત્યારબાદ Software કે program automatic install થઈ જશે વચ્ચે yes no option select જરૂરિયાત મુજબ કરવા.






## How to Install New Fonts ?


**STEP 1** Fonts install કરવા control panel માં ડાબી બાજુ આવેલ switch to classic view option ઉપર ક્લીક કરો.






**STEP 2** તેમાંથી fonts ઉપર ડબલ ક્લીક કરો.



**STEP 3** File Menu માંથી install new font ઉપર ક્લીક કરો.










**STEP 4** ત્યારબાદ drives માં યોગ્ય ડ્રાઈવ સીલેક્ટ કરો અને ત્યારબાદ folders માંથી જે font install કરવા છે તે font નું folder select કરી Select All ઉપર ક્લીક કરી OK આપો.

## SHORTCUTS : SHORT BUT STRONG CUTS


### Creating a Shortcut on the Desktop :

Short cut એ કોઈપણ Application કે Program ને સરળતા તથા ઝડપી ચાલુ કરવા માટે બનાવેલ રસ્તો છે. Short cut ઘણી રીતે create કરી શકાય છે. જેના step નીચે પ્રમાણે છે.





STEP 1 Desktop પર right click કરી New - Shortcut સીલેક્ટ કરો.

STEP 2 જેથી નીચે મુજબ "Create Short cut" માટેનું dialog box જોવા મળે છે.




STEP 3 "Command line" માં original object નો path ટાઈપ કરો. જો path ખબર ના હોયતો Browse બટન click કરવાથી નીચે પ્રમાણેનું dialog box જોવા મળે છે.






STEP 4 Browse window માંથી object શોધીને તેની ઉપર double click કરી open બટન પર click કરવી.

STEP 5 હવે Command line માં તમને નામ અને object નું Location જોવા મળશે. ત્યાર પછી Next Button પ્રેસ કરો. જેનાથી Shortcut નું નામ આપી શકાશે.

STEP 6 ત્યાર પછી finish બટન પર ક્લીક કરવાથી shourtcut Desktop ઉપર જોવા મળશે.

# Paint



## PAINT એટલે શું ?

Windowsમાં આવેલા Paint programs વડે આપણે કોઈપણ graphic file તૈયાર કરી શકીએ છીએ, આને Bitmap File કહે છે. Paint માં દોરેલાં કોઈ પણ ચિત્રને save કરીને તેને આપણાં Desktop પર Wallpaper તરીકે પણ ગોઠવી શકાય છે, તથા તેની print પણ લઈ શકાય છે.

## PAINT ચાલુ કરવાની રીત :

રીત 1 :


Start Programs Accessiors Paint



રીત 2 :


Start Run MSPaint OK











Paint ચાલુ કરતાં નીચે મુજબની સ્ક્રિન જોવા મળે છે.




## Screen નું introduction :




## વિવિધ Toolbar ની ઉપયોગીતાઓ :



**Free from select :** આ tool ની મદદથી અસ્તવ્યસ્થ આકૃતિ select કરી શકાય છે.



**Select :** આ tool ની મદદથી આકૃતિ ચોરસ અથવા લંબચોરસમાં select કરી શકાય છે.







**Eraser/Color Eraser :** આ tool ની મદદથી દોરેલ આકૃતિ કે આકૃતિમાના કોઈ ભાગને ભૂસી શકાય છે.



**Fill with Color :** આ tool ની મદદથી આકૃતિમાં રંગ પૂરી શકાય છે.



**Pick Color :** આ tool ની મદદથી કોઈ એક આકૃતિના કલરની copy બીજી આકૃતિમાં કરી શકાય છે.



**Magnifier :** આ tool ની મદદથી આકૃતિનો ચોક્કસ ભાગ મોટો જોઈ શકાય છે.




**Pencil :** આ tool ની મદદથી Paint માં આપણી જરૂરીયાત મુજબ આકૃતિ દોરી શકાય છે.




**Brush :** આ tool ની મદદથી આકૃતિમાં રંગ પૂરી શકાય છે.




**Airbrush :** આ tool ની મદદથી આકૃતિમાં રંગ spray કરી શકાય છે.




**Text :** આ tool ની મદદથી Paint માં કોઈપણ text લખી શકાય છે.




**Line :** આ tool ની મદદથી આકૃતિમાં ઉભી, આડી કે ત્રાંસી લાઈન દોરી શકાય છે.




**Curve :** આ tool ની મદદથી Curve (વળાંક) વાળા Shape આપી શકાય છે.




**Rectangle :** આ tool ની મદદથી આકૃતિમાં ચોરસ કે લંબચોરસ દોરી શકાય છે.



**Polygon :** આ tool ની મદદથી આકૃતિમાં ત્રિકોણ, ચોરસ વગેરે આકૃતિ દોરી શકાય છે.




**Ellipse :** આ tool ની મદદથી આકૃતિમાં ગોળ-લંબગોળ દોરી શકાય છે.



**Rounded Rectangle :** આ tool ની મદદથી આકૃતિમાં ગોળ કોર્નરવાળું ચોરસ દોરી શકાય છે.

## File Menu








**New : (Ctrl + N)**

આ કમાન્ડની મદદથી paint માં નવી blank file બનાવી શકાય છે.




**Open : (Ctrl + O)**


Paint માં પહેલા બનાવેલી કોઈપણ ફાઈલ Open કરવા તથા તેમાં સુધારા વધારા કરવા માટે આ કમાન્ડનો ઉપયોગ થાય છે.




સૌ પ્રથમ File  Open command પર ક્લીક કરતાં નીચે મુજબનું dialog box જોવા મળે છે.









Look in માંથી path select કરી file select કરી open ઉપર click કરતાં નીચે મુજબ file open થયેલી જોવા મળશે.







## Save : (Ctrl + S)

Paint માં બનાવેલી ફાઈલને save કરવા માટે આ કમાન્ડનો ઉપયોગ થાય છે. Paint ની દરેક ફાઈનું extension .BMP છે.




File Save પર કલીક કરતાં નીચે મુજબનું dialog box જોવા મળે છે.











Save in File ક્યાં save કરવી છે તે path select કરવો ત્યારબાદ file name ................ file નું નામ આપી save પર કલીક કરવું.







## Save As :


આ કમાન્ડનો ઉપયોગ કોઈપણ નવી ફાઈલને પ્રથમવખત save કરવા માટે તથા જુની ફાઈલને બીજા નામથી save કરવા માટે વપરાય છે. Save As કરવાની આપણી Open ફાઈલ બીજા નામથી save થશે એટલે કે copy જેવું કાર્ય થશે.




## Print Preview :

Paintમાં ફાઈલ બનાવ્યા પછી તેની print તેના પહેલા નમૂના તરીકે જોવું હોય કે print કેવી આવશે તે જોવા માટે આ કમાન્ડ આપવામાં આવે છે.





File   Print Preview ઉપર ક્લીક કરતાં નીચે મુજબ screen દેખાશે.






Print Preview માંથી બહાર નીકળવા માટે close ઉપર ક્લીક કરવું.




## Page Setup :

આ કમાન્ડની મદદથી print લેતાં પહેલા page નું margin અને orientation નું setup કરી શકાય છે.

File   page setup પર ક્લીક કરવું.











## Print : (Ctrl + P)

Paint ના કોઈપણ document ની print લેવા માટે આ કમાન્ડનો ઉપયોગ થાય છે. જેમાં ફાઈલનું નામ, પ્રિન્ટરનું નામ તથા કેટલી કોપી print કાઢવી છે તે આપવાનું રહે છે.

File Print



## Set as Background(Tiled) :

આ Option પર કલીક કરતાં દોરેલું paint તમારા desktop પર આવી જશે.

File Set as Background


## Set as Background(Centered) :

આ command પર કલીક કરતાં દોરેલું Paint desktop પર wallpaper તરીકે center માં set થઈ જશે.


ત્યારબાદ છેલ્લી ચાર open થયેલી ફાઈલનું list છે. તેની ઉપર કલીક કરી સીધી એ file open કરી શકાય છે.

## Exit :

Paint Program બંધ કરવા માટે Exit કમાન્ડ આપવો Paint બંધ કરતા પહેલાં file ને Save કરવી જરૂરી છે. તો save નહીં કરી હોય તો નીચે મુજબ message બતાવશે.





ઉપર કલીક કરતાં file save કરી બંધ થશે.

Save કર્યા વગર બંધ કરવા 


ઉપર કલીક કરો.



પર કલીક કરતા paint ચાલુ જ રહેશે.


## Edit Menu

| Edit | |
|---|---|
| Undo | Ctrl+Z |
| Repeat | Ctrl+Y |
| Cut | Ctrl+X |
| Copy | Ctrl+C |
| Paste | Ctrl+V |
| Clear Selection | Del |
| Select All | Ctrl+A |
| Copy To... | |
| Paste From... | |



### Undo : (Ctrl + Z)

આ કમાન્ડની મદદથી Paint માં છેલ્લે જે કાર્ય કર્યું હોય તેની અસર cancel કરી શકાય છે. દા.ત., છેલ્લે આપણે કોઈ ચોક્કસ ચિત્ર Cut કરીને Undo કમાન્ડ આપીશું તો તે ચિત્ર Cut થશે નહીં અને screen ઉપર મૂળ ચિત્ર જોવા મળશે.



### Repeat : (Ctrl + Y)

Undo કમાન્ડની અસર દૂર કરવા માટે Repeat કમાન્ડ વપરાય છે.





### Cut : (Ctrl + X)

આ કમાન્ડની મદદથી ચોક્કસ માહિતી, ચિત્ર એક જગ્યાએથી cut કરીને બીજી જગ્યાએ move કરી શકાય છે.



જે માહિતી કે ચિત્ર cut કરવું હોય તેને mouse વડે toolbox માંથી select tool પર કલીક કરો.














Mouse વડે ચિત્ર select કરો.












Edit Menu માં જઈ cut પર click કરવું જેથી select કરેલ લખાણ કે ચિત્ર મૂળ જગ્યાએથી દૂર થઈ જશે.





ત્યારબાદ Edit Menu માં જઈ Paste ઉપર કલીક કરતાં ચિત્ર આવી જશે તેને જ્યાં move કરવી હોય ત્યાં તેના પર કલીક દબાવી રાખી drag કરી શકાય છે.









## Copy : (Ctrl + C)


આ કમાન્ડની મદદથી ચોક્કસ ચિત્રના ભાગ કે ચિત્રની copy કરી શકાય છે.



સૌ પ્રથમ જે લખાણ કે ચિત્રની copy કરવી હોય તેને select કરવું.












Edit Menu માં જઈ copy પર કલીક કરવું જેથી select કરેલ લખાણ કે ચિત્ર clipboard માં save થઈ જશે.






Edit Menu માં જઈ paste પર કલીક કરતાં ચિત્રની copy આવી જશે તેને જ્યાં move કરવી હોય ત્યાં તેના પર કલીક દબાવી રાખી drag કરી શકાય છે.










 **Paste : (Ctrl + V)**


આપણે જે ચોક્કસ માહિતી કે ચિત્ર cut કે copy કર્યુ હશે તે windows clipboardમાં save થઈ જાય છે. ત્યારબાદ આપણે તે ચોક્કસ માહિતી કે ચિત્ર જે જગ્યાએ જોઈતું હોય ત્યારે paste command પર કલીક કરવામાં આવે છે.

 **Clear Selection : (Del)**


આ command ની મદદથી ચોક્કસ ચિત્ર select કરીને delete કરી શકાય છે. clear કરેલ ચિત્ર પાછુ લાવવા Undo commandનો use કરી શકાય છે.

 **Select All : (Ctrl + A)**

આ કમાન્ડની મદદથી આપેલ તમામ માહિતી એક સાથે select કરી શકાય છે.આ કમાન્ડનો ઉપયોગ જ્યારે આપેલ તમામ માહિતી select કરવાની જરૂર પડે ત્યારે આપવો.


 **Copy to :**


આ કમાન્ડની મદદથી ચોક્કસ કરેલા ભાગને એક નવી ફાઈલ તરીકે save કરી શકાય છે.


 **Paste From :**

આ કમાન્ડની મદદથી current fileમાં બીજી કાંઈ Bitmap file paste કરી શકાય છે.

##  View Menu






 **Tool Box : (Ctrl + T)**

આ કમાન્ડની મદદથી Toolbox screen પરથી on/off કરી શકાય છે.



## Color Box : (Ctrl + L)

આ કમાન્ડની મદદથી Colorbox screen પરથી on/off કરી શકાય છે.



## Status Bar :

આ કમાન્ડની મદદથી Status bar screen પરથી on/off કરી શકાય છે.



## Text Tool Bar :

આ કમાન્ડ By default Active હોતો નથી. Paint માં text tool [A] નો ઉપયોગ કરીએ ત્યારે જ આ કમાન્ડ active થશે. અને ત્યાર બાદ Font style તથા Size વધારી કે ઘટાડી શકાય છે.



## Zoom :


આ કમાન્ડની મદદથી Large size કરેલા ચિત્રને Normal size માં જોઈ શકાય છે.

- **Large size**

  આ કમાન્ડની મદદથી Normal size માં રહેલા ચિત્રને Large size માં જોઈ શકાય છે.

- **Costom**

  આ કમાન્ડની મદદથી Normal size માં રહેલા ચિત્રને Large size માં જોઈ શકાય છે.





- **Show Grid**

  Large size માં રહીને ચિત્ર માં ઝીણવટભર્યા સુધારા વધારા કરવા માટે આ કમાન્ડનો ઉપયોગ થાય છે. જેમાં નાના-નાના ચોરસ Box જોવા મળે છે. જેથી સુધારા કરવામાં સરળતા રહે છે.

- **Show Thumbnail**

  Large size માં ચિત્ર ઘણું મોટું જોવા મળશે અને બાજુમાં original picture નાની size માં જોવા માટે આ કમાન્ડનો ઉપયોગ થાય છે.




## View Bitmap :

આપણે દોરેલા ચિત્રને wallpaper તરીકે ગોઠવવું હોય પરંતુ તે Screen પર કેવુ લાગશે તે જોવા માટે આ કમાન્ડ આપવો જેથી ફક્ત ચિત્ર આખી screen માં જોવા મળશે. મૂળ સ્ક્રીન પાછી લાવવા માટે કોઈપણ Key press કરવી.






## Image




Image

| | |
|---|---|
| Flip/Rotate... | Ctrl+R |
| Stretch/Skew... | Ctrl+W |
| Invert Colors | Ctrl+I |
| Attributes... | Ctrl+E |
| Clear Image | Ctrl+Shft+N |
| ✔ Draw Opaque | |




### Flip/Rotate :

Select કરેલા picture ને જુદા જુદા angle માં ફેરવવા માટે આ કમાન્ડ વપરાય




### Stretch/Skew :

Select કરેલા picture ને Horizontal કે Vertical stretch કરવા માટે આ option નો ઉપયોગ થાય છે.




### Invert Colors :

Select કરેલા pictureની Back ground માં વિરુદ્ધ colour પૂરવા માટે આ option નો ઉપયોગ થાય છે.



### Attributes :


ચિત્ર દોરવા માટે canvas નો ભાગ છે તેની Width અને Height વધારવા કે ઘટાડવા માટે આ કમાન્ડ આપવામાં આવે છે.



### Clear Image :

ફાઈલમાં આવેલું કોઈપણ picture select કર્યા વગર ફાઈલને blank કરવા માટે આ કમાન્ડ આપવામાં આવે છે.

### Lab Assignment :



Draw a Natural Scene using line, curve, Rectangle, polygon, Rounded Rectange. Use Pencil tool when it require.



# WORDPAD

## Wordpad નો ઉપયોગ :

Wordpad એ પણ એક editor program નું ઉદાહરણ છે. Window માં કોઈપણ formatted text file બનાવવાની જરૂર પડે ત્યારે Wordpad નો ઉપયોગ થાય છે. તેમાં લખાણને **Bold**, *Italic* કે Underline, Color effect આપી શકાય છે તથા તેમાં graphic પણ insert કરી શકાય છે. Wordpad ની ફાઈલને Document file કહે છે, તેથી તેની દરેક ફાઈલને .Doc extension લાગે છે.

## WordPad ચાલુ કરવાની રીત :


WordPad ચાલુ કરવાની રીત મુખ્ય બે રીત છે.

### રીત 1 :


Start All programs Accessories WordPad પર Click કરવું.

### રીત 2 :

Start run પર Click Wordpad type કરવું OK પર Click કરવું.




## Wordpad ચાલુ થતાં નીચે મુજબની Screen દેખાશે.









## Wordpad ની screenની સમજૂતી :

Wordpad માં સૌથી ઉપરની લાઈન જ્યાં Document લખેલું છે તેને titlebar કહે છે તેની નીચે જ્યાં અલગ અલગ menu જોવા મળે છે તેને **Menubar** કહે છે. તેની નીચે અલગ અલગ tool જોવા મળે છે તેને **Toolbar** કહે છે તેની નીચેના bar ને **Formatbar** કહે છે. તેની નીચે **Ruler** આવેલી હોય છે.

## File Menu :






### New : (Ctrl + N)

Wordpad માં નવી blank ફાઈલ બનાવવા આ કમાન્ડ ઉપર Click કરવામાં આવે છે. અને તેમાં નીચે મુજબ ની Screen દર્શાવતાં Rich Text Document Select કરી OK પર Click કરતાં નવી blank file બને છે.



### Open : (Ctrl + O)


આ કમાન્ડ દ્વારા Wordpad મા અગાઉ બનાવેલી કોઈપણ file open કરી શકાય છે.




સૌ પ્રથમ File   Open પર Click કરવું.




તેમાં Look in ની બાજુના drop down list માંથી drive કે folder select કરવું






ત્યારબાદ ફાઈલ જે ફોલ્ડરમાં હોય તે select કરી Open પર Click કરવું.






Step 4: ત્યારબાદ ફાઈલ select કરી Open પર click કરતાં ફાઈલ Open થઈ જશે.


##  Save : (Ctrl + S)

આ કમાન્ડ Wordpad માં બનાવેલી ફાઈલને save કરવા માટે વપરાય છે.

Step 1: File Save પર Click કરવું.



Step 2: File જે driveમાં save કરવી હોય તે drive save in ની બાજુના drop list માંથી select કરવી.



Step 3: ત્યારબાદ ફાઈલ જે ફોલ્ડરમાં Save કરવી હોય તે select કરી Open પર Click કરવું.



Step 4: File Name : ફાઈલનું નામલખી Save પર click કરતાં ફાઈલ Save થઈ જશે.







## Save As :

આ કમાન્ડ કોઈપણ નવી ફાઈલને પ્રથમવખત save કરવા માટે તથા જુની ફાઈલને બીજા નામથી save કરવા માટે વપરાય છે. Save as કરવાથી આપણી open ફાઈલ બીજા નામથી save થશે એટલે કે copy જેવું કાર્ય થશે.




## Print : (Ctrl + P)

Wordpad ના કોઈપણ document ને print કરવા માટે આ કમાન્ડનો ઉપયોગ થાય છે.



## Print Priview :

Print લેતા પહેલા આપણે નમૂનો જોવો હોય કે print કેવી આવશે તેના માટે Print preview આપવામાં આવે છે. Print preview માંથી બહાર નીકળવા માટે Close પર ક્લીક કરો.





## Page Setup :

આ કમાન્ડની મદદથી print લેતા પહેલાં પેજનું setup બદલી શકાય છે તથા ડાબી-જમણી બાજુ ના Margin કરી શકાય છે.



## Send :

Current file ને Internet માં Email તરીકે મોકલવા માટે આ કમાન્ડનો ઉપયોગ થાય છે.



## Exit :

Wordpad ની બહાર નીકળવા માટે આ કમાન્ડ આપવો. Exit આપતા પહેલાં open document ને save કરવું જરૂરી છે.

## Edit Menu :

| Edit | |
|---|---|
| Undo | Ctrl+Z |
| Cut | Ctrl+X |
| Copy | Ctrl+C |
| Paste | Ctrl+V |
| Paste Special... | |
| Clear | Del |
| Select All | Ctrl+A |
| Find... | Ctrl+F |
| Find Next | F3 |
| Replace... | Ctrl+H |
| Links... | |
| Object Properties | Alt+Enter |
| Object | |



### Undo : (Ctrl + Z)

આ કમાન્ડની મદદથી wordpad માં છેલ્લે જે કાર્ય કર્યું હશે તેની અસર cancel કરી શકાય છે.



### Cut : (Ctrl + X)

આ કમાન્ડની મદદથી ચોક્કસ માહિતી કે ચિત્ર એક જગ્યાએ થી Cut કરીને બીજી જગ્યાએ move કરી શકાય છે.



સૌ પ્રથમજે શબ્દ/વાક્ય કે ફકરો cut કરવો જે તેને mouse વડે select કરવી છે. તે લાઈનની શરૂઆતમાં પોઈન્ટર લઈ જાઓ અને ક્લીક કરી જે દિશામાં સિલેક્ટ કરવું હોય તે દિશામાં પોઈન્ટર ખસેડો.



Edit    Cut પર Click કરો.



Cut કરેલું વાક્ય જ્યાં લઈ જવું હોય ત્યાં Cursor લઈ જાઓ.



Edit    Paste પર Click કરો.



### Copy : (Ctrl + C)

આ કમાન્ડની મદદથી ચોક્કસ માહિતી કે ચિત્રની Copy (નકલ) કરી શકાય છે.



સૌ પ્રથમ જે શબ્દ/વાક્ય કે ફકરાની copy કરવી છે તે સિલેક્ટ કરો.



Edit    Copy પર Click કરો.



Copy કરેલું વાક્ય જ્યાં લઈ જવું હોય ત્યાં તમારુ Cursor લઈ જાઓ.



Edit    Paste પર Click કરો.







## Paste : (Ctrl + V)

આપણે જે ચોક્કસ માહિતી કે ચિત્ર Cut કે Copy કર્યું હશે તે Window ના clipboard માં save થઈ જાય છે. ત્યારબાદ આપણે તે ચોક્કસ માહિતી કે ચિત્ર જે જગ્યાએ જોઈતું હોય તે જગ્યાએ કર્સર રાખી paste કમાન્ડ આપતાં તે જગ્યાએ માહિતી કે ચિત્ર જોવા મળે છે.



## Clear : (Del)

ચોક્કસ લખાણને select કરીને delete કરવા માટે આ કમાન્ડ વપરાય છે. Clear કરેલું લખાણ paste કરવાથી આવશે નહિં.



## Paste Special :

Cut કે Copy કરેલા લખાણને Formatted text કે Unformatted text તરીકે paste કરવા માટે આ option નો ઉપયોગ થાય છે.




**દા.ત.** તમે કોઈ શબ્દને select કરી bold કરી edit માં જઈ copy કર્યું. હવે તમારે તેને સાદું paste કરવું હોય એટલે કે bold વગર તો તમે Edit menu માં જઈ Paste special આપો. ત્યારબાદ Unformatted text પર click કરી OK આપો. અને જો bold જ paste કરવું હોય Formatted text પર click કરવી.




## Select All : (Ctrl + A)

Wordpad માં ફાઈલનું બધું જ લખાણ એક સાથે select કરવા માટે આ કમાન્ડ વપરાય છે.



## Find : (Ctrl + F)

Wordpad માં લખેલા કોઈપણ શબ્દ કે અક્ષરને શોધવા માટે આ કમાન્ડ આપવો જરૂરી છે.




Findwhat માં જે અક્ષર કે શબ્દ શોધવો હોય તે લખવો. ત્યારબાદ Find next પર ક્લીક કરતાં તે શબ્દ સિલેક્ટ થયેલો દર્શાવે છે.

### Replace :

Replace એટલે બદલવું. આખી ફાઈલમાં કોઈ ચોક્કસ શબ્દની જગ્યાએ કોઈ બીજો શબ્દ ટાઈપ કરવા માટે આ કમાન્ડ નો ઉપયોગ થાય છે.

Edit    Replace

Findwhat માં જે અક્ષર કે શબ્દ શોધવો હોય તે લખવો. ત્યારબાદ Replace with માં જે નવો શબ્દ હોય તે લખવો.

#### Match case :

અહીં click કરવાથી find ની process case sensitive બનશે. ઉપરોક્ત screen માં આખી file માં HELP શબ્દ શોધવામાં આવે છે. ત્યારબાદ આ શબ્દને HELP સાથે Replace કરવામાં આવે છે. એટલે કે આખી file માં જ્યાં-જ્યાં HALP શબ્દ હોય ત્યાં HELP થાય છે.

## Insert Menu :

### Date and Time :

Wordpad માં જ્યાં Date અને Time print કરવા હોય ત્યાં કર્સર રાખી આ કમાન્ડ આપવામાં આવે છે.

અહીં અલગ અલગ format માં Date અને Time જોવા મળે છે. જે format ને print કરવું હોય તેને select કરી OK આપવું.

### Object :


આ કમાન્ડ દ્વારા wordpad માં કોઈપણ object insert કરી શકાય છે જેમકે Clipart insert કરવા માટે આ કમાન્ડ પર click કરવું. જેથી આ મુજબ સ્કીન જોવા મળે છે.


આકૃતિમાં દર્શાવ્યા મુજબ Microsoft Clip Gallery પર click કરી OK આપવું.




જેથી ઉપર પ્રમાણે Clipart gallery જોવા મળશે. તેમાંથી કોઈપણ Clipart select કરી Insert ઉપર click કરવું જેથી current ફાઈલમાં તે Clipart જોવા મળશે.

## Format Menu :






### Font :

Format    Font





Wordpad માં ટાઈપ કરેલ લખાણના text ની style બદલવા માટે આ કમાન્ડ વપરાય છે. જો ટાઈપ કરેલ લખાણના font બદલવા હોય તો તેને select કર્યા બાદ આ કમાન્ડ આપવામાં આવે છે. જો ટાઈપ કરતાં પહેલા font set કરવા હોય તો જે તે જગ્યા એ cursor રાખી આ કમાન્ડ આપવામા આવે છે.

ઉપરની ઈફેક્ટ આવ્યા બાદ નીચે મુજબના ફેરફાર થશે.




 **Bullet Style :**

કોઈ નવી લાઈનની આગળ નવા મુદ્દા તરીકે ચોક્કસ નિશાની લાવવા માટે આ કમાન્ડનો ઉપયોગ થાય છે.






સૌ પ્રથમ જે મુદ્દા આગળ Bullet આપવી છે તે select કરો.






Format   Bullet Style પર Click કરો.

 **Paragraph :**

આ કમાન્ડ દ્વારા ruler line માં paragraph set કરી શકાય છે. તથા cursor નું alignment left, right કે centre ગોઠવી શકાય છે.

Format   Paragraph





આ Screen Indentation ડાબી અને જમણી બાજુથી લાઈન કેટલી અંદર રાખવી છે અને First line માં પહેલી લાઈન કેટલી અંદર રાખવી છે. તેના માપ આપવાના હોય છે જ્યારે Alignmentમાં તમારે લખાણ ડાબી, જમણી બાજુ કે વચ્ચેથી ચાલુ કરવું છે. તે નક્કી કરી OK પર ક્લીક કરો.




## Tab :

Ruler line માં by default 0.5 ઈંચના અંતરે Tab ગોઠવેલી હોય છે. તેથી key દબાવવાથી કર્સર જમણી બાજુ જાય છે. પરંતુ જો કોઈ ચોક્કસ નંબર આગળ tab key દબાવીને પહોંચવું હોય તો તે નંબર આગળ tab ગોઠવવું પડે છે.




Ruler line માં જે નંબર પર tab ગોઠવવું હોય તે નંબર લખી set કરવું ત્યારબાદ OK કરવાથી તે નંબર આગળ 'L' નિશાની આવી જશે. હવે tab key દબાવવાથી કર્સર સીધુ એ નંબરના tab ઉપર જ જશે. Tab દૂર કરવા માટે clear અથવા clear all કમાન્ડ આપવામાં આવે છે.






Microsoft

# Word2003



*Microsoft word એ સૌથી વધારે વપરાતુ સોફ્ટવેર છે. આ સોફ્ટવેરની મદદથી office ને લગતું કામ ઝડપથી શક્ય બન્યું છે. Word માં document તૈયાર કરી શકાય છે અને જરૂરિયાત મુજબ editing અને formating પણ કરી શકાય છે. Word Software ના ઉપયોગથી મહેનતમાં ઘટાડો થાય છે અને કાર્યક્ષમતામાં વધારો થાય છે.*

## Introduction :

MS-Word એ Word Processor માટેનો એક Program છે. આ Program Microsoft Corporation નામની U.S.A. ની એક કંપની દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. આ કંપનીના સ્થાપક બિલ ગેટ્સ છે. જે વિશ્વના સૌથી ધનાઢ્ય વ્યક્તિ તરીકે ઓળખાય છે. Word ની મદદથી document બનાવી શકાય છે. તેનું printing કરી શકાય છે તેમજ document નો કાયમી સંગ્રહ પણ કરી શકાય છે. આ ઉપરાંત document નું editing (સુધારો) અને formating વ્યવસ્થિત કરી શકાય છે.

## MS-Word 2003 માં રહેલી Facilities :

1. MS-Word 2003 ની મુખ્ય facility એ છે કે તેમાં ગુજરાતી ટાઈપ કરી શકાય છે. તથા તેમાં રહેલી જોડણીની ભુલો સુધારી શકાય છે. તથા અંગ્રેજીમાં ટાઈપ કરેલાનું ગુજરાતીમાં ભાષાંતર પણ થઈ શકે છે.
2. MS-Word માં નવું document બનાવી શકાય છે અને તેનું printing પણ લઈ શકાય છે. તથા કાયમી સંગ્રહ કરી શકાય છે.
3. MS-Word માં automatic saving facility થી કોઈ ચોક્કસ time interval set કર્યા પ્રમાણે તે time interval માં document automatic save થઈ જાય છે. (દા.ત. દર 5 મીનીટે) જેથી document માં કોઈ work કરતી વખતે power off થઈ જાય ત્યારે મોટાભાગના work ને આપણે બચાવી શકીએ છીએ.
4. Auto correct option ની મદદથી document માં થતી regular spelling mistake નું correction automatic કરાવી શકાય છે.
5. Auto text option ની મદદથી જે text ને વારંવાર લખવાની જરૂર પડતી હોય તેને sortname આપીને add કરી જરૂરિયાત મુજબ Insert કરી શકાય છે.

6. MS-Word માં multitasking ની પણ facility પણ છે. જેમાં એક સાથે બે કે તેથી વધુ file open કરી શકાય છે.

7. Book mark option ની મદદથી document માં કોઈ ચોક્કસ text કે graphics ઉપર સહેલાઈથી જઈ શકાય છે.

8. Document ને Normal, Web layout, Print layout, Reating layout, Outline, Thumbnails, Fullscreen વગેરે option માં જોઈ શકાય છે.

9. Date and time option ની મદદથી document મા કોઈ ચોક્કસ position ઉપર select કરેલી format મુજબ system માં set કર્યા પ્રમાણેની Date and Time ગુજરાતી ભાષામાં પણ Insert કરી શકાય છે.

10. Paragraph option ની મદદથી document માં select કરેલ ચોક્કસ paragraph નું margin change કરી શકાય છે. આ ઉપરાંત page list set કરી શકાય છે.

11. Columns option ની મદદથી document માં રહેલી text ને news paper style columns મુજબ set કરી શકાય છે.

12. Change Case option ની મદદથી document માં select કરેલી text નાં character ને જુદા જુદા case મુજબ ફેરવી શકાય છે.

13. MS-Word માં document માં select કરેલી row અને column પ્રમાણેનું Table બનાવી શકાય છે.


## How to Start MS-Word :

start → All Program → Microsoft Office → Microsoft Office Word 2003 પર ક્લીક કરવું.


**રીત-2 :**

start → Run પર ક્લીક કરી → WINWORD type કરી OK પર ક્લીક કરવું.



## MS-Word ની Screen વિશે માહિતી :




➢ **Titlebar :**

Ms-Word માં Screen ની સૌથી ઉપરના ભાગમાં એક Horizontalbar જોવા મળે છે, જે Titlebar તરીકે ઓળખાય છે. જે Program કે Application નું નામ (Microsoft Word) અને Active Document નું નામ દર્શાવે છે.

➢ **Menubar :**

Titlebar ની નીચે જે bar જોવા મળે છે, તેને Menubar કહે છે. જેમાં Word ના જુદા જુદા Menu options (દા.ત. File, Edit, View વગેરે) જોવા મળે છે.

➢ **Standard toolbar :**

Menubar ની નીચે Standard toolbar જોવા મળે છે. જેમાં જોવા મળતાં જુદા-જુદા tools ને mouse ની મદદથી select કરી ખૂબ ઝડપથી અને સહેલાઈથી Editing command નો ઉપયોગ કરી શકાય છે. દા.ત., New, Open, Save, Print, Cut, Copy, Paste વગેરે.

➢ **Formating toolbar :**

Standard toolbar ની સાથે formating toolbar જોવા મળે છે. જેમાં જોવા મળતાં જુદાજુદા tools ને mouse ની મદદથી select કરી formating command નો ઉપયોગ કરી શકાય છે. દા.ત., Bold, Italic, Underline વગેરે.

➢ **Rulerbar :**

Formating toolbar ની નીચે Rulerbar જોવા મળે છે. તેમાં Mouse ની મદદથી Margin અને Tab set કરી શકાય છે.

➢ **Statusbar :**


Ms-Word ની screen ના સૌથી નીચેના ભાગમાં statusbar જોવા મળે છે. જેમાં Active Document માટેની Information જેવી કે Cursor position, Page no, Line વગેરે જોવા મળે છે.

## Word Menu :

**Ms-Word માં Menubar માં દર્શાવ્યા પ્રમાણે કુલ 9 menu જોવા મળે છે.**

| | | | | |
|---|---|---|---|---|
| (1) File | (2) Edit | (3) View | (4) Insert | (5) Format |
| (6) Tools | (7) Table | (8) Window | (9) Help | |


### [1] File Menu : (Alt + F)



આ Menu થી file નું management કરી શકાય છે. જેમાં નવી file create કરવી, તેને save કરવી, save કરેલી file open કરવી, file close કરવી તેમજ file નું printing કરવું જેવી facilities માટેના command રહેલા છે.

● **New (Ctrl + N) :**

આ કમાન્ડની મદદથી Ms-Word માં નવી ફાઈલ, Web page કે E-mail message બનાવી શકાય છે. આ કમાન્ડ આપતાં Titlebar માં Document1 એવું જોવા મળે છે.








New પર ક્લીક કરતાં નીચે મુજબ Task pane જોવા મળશે. (જમણીબાજુ)




તેમાંથી Blank Document પર ક્લીક કરતાં નવી ફાઈલ ઓપન થશે.

## Open (Ctrl + O) :

આ કમાન્ડની મદદથી કોઈપણ save કરેલી ફાઈલને ખોલી શકાય છે.







"File Menu" માં "Open" option select કરવાથી અથવા "Ctrl + O" command આપવાથી screen ઉપર Open નું Dialog Box જોવા મળે છે.





Look in માંથી path select કરો અને ત્યારબાદ file select કરી Open પર ક્લીક કરતાં document open થઈ જશે.

## Close : (Ctrl + W)

આ કમાન્ડની મદદથી open કરેલી file ને close કરી શકાય છે.




File → Close પર ક્લીક કરવાથી જો open કરેલ file માં કોઈ modification કરેલ હોય તો નીચે મુજબ dialogbox જોવા મળશે.








જેમાં જો "Yes" આપીશું તો modification સાથે file ને save કરી close કરી શકાય છે. જો "No" આપીશું તો modification save કર્યા સિવાય file close કરી શકાય છે. જો "Cancel" આપીશું તો આ option નું dialogbox cancel કરી શકાય છે.

## Save (Ctrl + S) :

આ કમાન્ડની મદદથી current file ને save કરી શકાય છે. જ્યારે file ને પ્રથમ વખત save કરતાં હોઈએ ત્યારે file ને નામ આપવું જરૂરી છે. MS-Word ની દરેક document file ને .doc extension લાગે છે.







Save પર click કરતાં નીચે મુજબનું Save As નું dialog Box જોવા મળે છે.




Save in માં path આપી ત્યારબાદ filename માં ફાઈલનું નામ લખી Save પર ક્લીક કરતાં ફાઈલ save થઈ જાય છે.

- **Save As :**

આ કમાન્ડની મદદથી save કરેલી file ની copy કરી શકાય છે. એટલે કે એના જેવી જ બીજી file Ms-Word માં બનાવી શકાય છે.


- **Save As Web Page :**



આ કમાન્ડની મદદથી Word ના document ને Web page તરીકે save કરી શકાય છે. જ્યારે Web page તરીકે save કરી અને Internet browser માં ખોલવામાં આવે છે. ત્યારે તેમાં Character format, Paragraph format, Page layout, Editing, Graphics format, Table format વગેરે બદલાઈ જાય છે.

- **Page Setup :**

આ કમાન્ડની મદદથી page નું અલગ-અલગ margin અને Header & Footer નું પણ setting કરી શકાય છે.





Page Setup પર ક્લીક કરતાં નીચે મુજબનું Page setup નું dialog box જોવા મળે છે.



Margins માં Top, Bottom, Right, Left, Gutter (બાઈડીંગનો ભાગ) માટેનું margin set કરી શકાય છે. તથા gutter position 'Left કે Top' રાખી શકાય છે.

- **Orientation :**

આ option માં paper નું orientation portrait (ઊભું) કે landscape (આડું) રાખવું છે તે set કરી શકાય છે.

- **Preview :**

  આ option માં page કેવું દેખાશે તે જોઈ શકાય છે.




Paper આ option માં paper size નક્કી કરી શકાય છે તથા તેની width (પહોળાઈ) અને Height (ઊંચાઈ) set કરી શકાય છે. ત્યાર બાદ OK પર ક્લીક કરતાં page setup ના setting apply થઈ જાય છે.

- **Print Preview :**

  આ કમાન્ડની મદદથી Active Documents Print થતાં પહેલાં તેનું Page ઉપર output કેવું નીકળશે તે અગાઉથી screen ઉપર જોઈ શકાય છે. આ કમાન્ડનો ફાયદો એ છે કે જો document માં કોઈ ભુલ રહી ગઈ હોયતો તેને સુધારી શકાય છે. જેથી પ્રીન્ટીંગ માટેની સ્ટેશનરીનો બચાવ થાય છે.



Print Preview પર ક્લીક કરતાં નીચે મુજબની screen જોવા મળશે.






Print Preview માંથી બહાર નીકળવા ☒ Close પર ક્લીક કરતાં ફરીથી normal document માં આવી જવાશે.

- **Print (Ctrl + P) :**

  આ કમાન્ડની મદદથી Active Document નું કાગળ ઉપર printing કરી શકાય છે.

  1. **File :** Print પર ક્લીક કરતાં નીચે મુજબનું Print નું dialogbox જોવા મળશે.



2. **Printer :** Print કાઢવા કયા પ્રિન્ટરનો ઉપયોગ કરવો છે. તે અહીંથી સીલેક્ટ કરી શકાય છે અને properties પર ક્લીક કરતાં તે printer ના setting change કરી શકાય છે.

3. **Paper Range :** આ option માં કેટલા પેજની પ્રિન્ટ કાઢવી છે તે નક્કી કરવામાં આવે છે કે બધા પેજ, current page (Active page) કે પછી Page number (અમુક જ પેજ) ની print લેવી છે.

4. **Copies :** આ option માં print ની કેટલી કોપી કાઢવી છે તે set કરવામાં આવે છે.

5. **Scale to paper size :** આ કમાન્ડની મદદથી current file ની માહિતીને ચોક્કસ Paper size આપવા માટે થાય છે. જેમકે Letter, Legal, A3, A4, A5.

- **Send to :**

આ કમાન્ડની મદદથી current file ની માહિતીને ચોક્કસ જગ્યાએ પહોંચાડી શકાય છે. જેમ કે આપણી ફાઈલને Mail તરીકે મોકલવી હોય અથવા તે Fax પર મોકલવી હોય તો મોકલી શકાય છે.

- **Recent file list :**

File menu માં properties કમાન્ડની નીચે Word માં છેલ્લે ખોલવામાં આવેલ file નું list બતાવવામાં આવે છે. જેની મદદથી છેલ્લે ખોલવામાં આવેલી અમુક file ને સરળતાથી અને open dialog box ની મદદ વગર ફરીથી ખોલી શકાય છે.

- **Exit : (Alt + F4)**


આ કમાન્ડની મદદથી Ms-Word ની બહાર નીકળી શકાય છે.





File → Exit પર ક્લીક કરો. OR Alt + F4 Press કરો. OR Titlebar ની જમણીબાજુ આવેલ ☒ close button પર ક્લીક કરવાથી MS-Word ની બહાર નીકળી શકાય છે. અહીં કોઈ document save કર્યો ન હોય અને Exit કમાન્ડ આપતાં નીચે મુજબનું dialog box જોવા મળે છે.





જેમાં [No] આવતાં document save થયા વગર MS-Word ની બહાર નીકળી શકાય છે.



## [2] Edit Menu : (Alt + E)





આ Menu માં file નું editing થઈ શકે છે. જેમ કે file માં કોઈ select કરેલ text ને એક સ્થાનેથી બીજા સ્થાને લઈ જવી હોય, select કરેલ text file માંથી દૂર કરવી હોય વગેરે કાર્યો Edit Menu માં થઈ શકે છે.

### (1) Undo Typing (Ctrl + Z) :

આ કમાન્ડની મદદથી છેલ્લે જે કાર્ય કર્યું હોય તે કાર્યની અસર કેન્સલ કરી શકાય છે. તેની Shortcut key (Ctrl + Z) ^Z છે.

**ઉદાહરણ :** (1) ધારો કે આપણે કોઈ ચોક્કસ માહિતી copy કરી હોય અને હવે કરેલ copy ના રાખવી હોય તો તરત જ Undo **અથવા** Ctrl + Z આપવું. જેથી Copy થયેલ માહિતી જોવા મળશે નહિ.

(2) કોઈ ચોક્કસ માહિતી Delete [દૂર] કરી હોય અને હવે તે માહિતી પાછી મેળવવી હોય તો તરત Undo **અથવા** ^Z આપવું. ટૂંકમાં અગાઉ કરેલ કોઈપણ કાર્યની અસરમાંથી મુક્ત થવું હોય તો Undo કમાન્ડનો ઉપયોગ કરવો.

***નોંધ : Undo કમાન્ડની મદદથી છેલ્લે જે કાર્ય કર્યું હોય તેની જ અસરમાંથી મુક્ત થવાય છે.***

**રીત :** "Edit Menu" માંથી "Undo" select કરવાથી અથવા Ctrl + Z આપવાથી Document માં અગાઉ Editing command [**e.g.** Cut, Copy, Paste] થી કરેલા ફેરફાર રદ થઈ જાય છે.

### (2) Typing OR Redo (Ctrl + Y) :

આ કમાન્ડની મદદથી Undo વડે જે કાર્ય કરેલ હોય તેની અસરમાંથી મુક્ત થવાય છે. ટૂંકમાં Redo કમાન્ડ Undo કમાન્ડથી વિરૂદ્ધ કાર્ય કરે છે. જેની shortcut key Ctrl + Y (^Y) છે.

**રીત :** "Edit Menu" માંથી "Redo" select કરવાથી અથવા "Ctrl + Y" આપવાથી અગાઉ રદ કરેલા Editing Command નો ફરીથી અમલ થાય છે.

**(3) Cut (Ctrl + X) :**

આ કમાન્ડની મદદથી select કરેલ Text કે Graphics ને દૂર કરી શકાય છે. આ select કરેલ ભાગ window માં store થઈ જાય છે. જેથી Document માંથી આ select કરેલ ભાગને બીજા સ્થાને Paste કમાન્ડથી Move કરી શકાય છે.

***નોંધ : સામાન્ય રીતે cut કમાન્ડનો ઉપયોગ Text ને બીજી જગ્યાએ લઈ જવી હોય એટલે કે Move કરવી હોય ત્યારે કરવો.***

**રીત :**

**Step - 1 :** સૌ પ્રથમ document માં જરૂરી ભાગ mouse દ્વારા અથવા keyboard (Shift + Arrowkey) વડે યોગ્ય રીતે select કરો.

**Step - 2 :** "Edit Menu" માં "Cut" option select કરી અથવા "Ctrl + X" આપવાથી document માં select કરેલ ભાગ દૂર થઈ જાય છે. જેને document માં કોઈ બીજા સ્થાને Paste કમાન્ડથી Move કરી શકાય છે.

**(4) Copy (Ctrl + C) :**

આ કમાન્ડની મદદથી select કરેલ કોઈ ચોક્કસ Text ને Window clipboard માં copy કરી શકાય છે.

**રીત :**

**Step - 1 :** સૌ પ્રથમ Document માં જરૂરી ભાગ select કરો.


**Step - 2 :** "Edit Menu" માં "Copy" option select કરવાથી અથવા "Ctrl + C" આપવાથી select ભાગની window clipboard માં copy કરી શકાય છે.

**Step - 3 :** ત્યારબાદ જ્યાં text ની copy કરવી હોય ત્યાં cursor લઈ જઈને paste કમાન્ડ આપતાં તે text નવી જગ્યાએ copy થાય છે.

**Office Clipboard :**


Computer માં જે કઈ પણ લખાય કે ચિત્ર Cut કે Copy કરીએ છીએ ત્યારે એ clipboard માં save થાય છે. ત્યારબાદ paste કરતાં clipboard માંથી પાછુ paste થાય છે. તેમાં એકસાથે 25 clip save થઈ શકે છે. ત્યારબાદ તેને ખાલી કરવું પડે છે.








Edit → Clipboard પર ક્લીક કરતાં નીચે મુજબનું taskpane open થશે.






જો તેને ખાલી કરવું હોય તો Clear All પર ક્લીક કરતાં તે ખાલી થઈ જાય છે.

- **Paste : (Ctrl + V)**

આ કમાન્ડની મદદથી અગાઉ Copy કે Cut કમાન્ડથી select કરેલ Text ને document માં Paste કરી શકાય છે.





સૌ પ્રથમ આ કમાન્ડ આપતાં પહેલા Copy કે Cut આપેલું હોવું જરૂરી છે.




Select Source Language, Source Font and Target Language for Conversion.
Source Language <Select>
Source Format
Source Font
Target Language <Select>
Target Format
Target Font
Next Exit About

હવે અહીં નીચે પ્રમાણે

Source Language (જે ભાષામાં ફાઈલ બનાવેલ હોય તે ભાષા પસંદ કરો.)

Soruce Format (જે પ્રકારનું અક્ષરનું ફોર્મેટ હોય તે પસંદ કરો. દા.તASCII Fonts, Unicode, Etc.)

Source Font (જે ફોન્ટમાં ફાઈલ બનાવેલ હોય તે ફોન્ટ પસંદ કરો.)


Target Language (જે ભાષામાં ફાઈલ કન્વર્ટ કરવાની હોય તે ભાષા પસંદ કરો.)

Target Format (જે પ્રકારનું અક્ષરનું ફોર્મેટ હોય તે પસંદ કરો દા.ત Unicode, ASCII Fonts, Etc.)

Target Font (જે ફોન્ટ તથા ભાષા માં ફાઈલ બનાવી હોય તે ફોન્ટ તથા ભાષા પસંદ કરો.)

TBIL Data Converter - Font Selection
Select Source Language, Source Font and Target Language for Conversion.
Source Language Gujarati
Source Format Ascii Fonts
Source Font Krishna
Target Language Gujarati
Target Format Unicode
Target Font Gujarati [Shruti]
Next Exit About

ત્યારબાદ Next બટન પર ક્લીક કરવું. તેથી નીચે પ્રમાણે ની સ્ક્રીન દેખાશે.




અહીં Browse... બટન પર ક્લીક કરી જે ફાઈલ કન્વર્ટ કરવી હોય તે ફાઈલ સિલેક્ટ કરો ત્યારબાદ Convert બટન પર ક્લીક કરો. અહીં એક કરતાં વધારે પણ ફાઈલ સિલેક્ટ કરી શકીયે છીએ.

તેથી ફાઈલ કન્વર્ટની પ્રોસેસ ચાલુ થઈ જશે. અને ફાઈલ કન્વર્ટ થઈ જશે અને એક મેસેજ બોક્ષ સ્ક્રીન પર આવશે.

કન્વર્ટ થયેલ ફાઈલ જ્યાં જૂની ફાઈલ છે ત્યાંજ તેજ નામે પણ ફાઈલના નામ_TBIL_Shruti લખેલ આવશે.

Microsoft
# Excel 2003

## Introduction :

Microsoft excel એ powerful spreadsheet software છે. જેમાં Numeric Data ખૂબ સરળતાથી enter કરી શકાય છે. તેમાં formula અને function નો ઉપયોગ કરી માહિતીની ગણતરી તથા તેને analyse કરી શકાય છે. તેમજ data ને Graphical રીતે રજૂ કરી શકાય છે. Microsoft Excel ની મદદથી payroll, marksheet તેમજ Account details જેવી કે Journel, Ledgers, Trial, Balance, Balance sheet વગેરે તૈયાર કરી શકાય છે. Excel માં બનેલ file ને .XLS કે XLW extension લાગે છે.

## Excel ની મુખ્ય facilities :-

Excel માં મુખ્ય ત્રણ પ્રકારની facilities છે.

(1) Worksheet (2) Database (3) Graphics

(1) Workssheet/Spreadsheet Excel માં Text તેમજ Numericdata ને rows તેમજ columns સ્વરૂપમાં દર્શાવી શકાય છે. તેમજ data નું analysis કરી શકાય છે.

(2) Database Excel માં data નું management કરી શકાય છે. Selected data ને search કરી શકાય છે. તેમજ selected data ને worksheet માંથી અલગ કરી શકાય છે. અને જરૂરિયાત મુજબ selected data નું sorting પણ કરી શકાય છે.

(3) Graphics Excel માં data ને Graph(Chart) સ્વરૂપે દર્શાવી શકાય છે.

## Microsoft Excel ના ઉપયોગો :

Microsoft Excel ની મદદથી Payroll તૈયાર કરી શકાય છે. જેમાં Emp-no, Emp-name, Basic Salary, DA, HRA, Deduction વગેરે પ્રકારની માહિતી ને store કરીને દરેક Employee માટેની Salary calculate કરી શકાય છે.

Microsoft Excel ની મદદથી student ની marksheet તૈયાર કરી શકાય છે. જેમાં student name, roll-no, subject, total percentage વગેરે પ્રકારની માહિતીને store કરી શકાય છે. અને તેમાં total અને Percentage calculate કરી શકાય છે.

Microsoft Excel ની મદદથી Account details, Journal, Ledgers, Trial Balance, Balance sheet તૈયાર કરી શકાય છે.


Microsoft Excel ની મદદથી કોઈ ચોક્કસ Item નું ઉત્પાદન કરતી કંપનીના Production અંગે માહિતી Store કરી weekly તેમજ monthly production schedules તૈયાર કરી શકાય છે. અને તેની મદદથી production અંગનું planning કરી શકાય છે.

## How to Load Excel :

Start માં program માં MS-Excel પર click કરવાથી Excel load થાય છે. અને તેમાં First Screen પર તેનો logo અને version જોવા મળે છે.

**રીત-1 :** start → All Program → Microsoft Office → Microsoft Office Excel 2003 પર ક્લીક કરવું.

**રીત-2 :** start → Run પર ક્લીક કરી → EXCEL type કરી OK પર ક્લીક કરવું.



➢ **Titlebar :**

કોઈપણ Program open કરતાં screen ની સૌથી ઉપરના ભાગમાં એક Horizontalbar જોવા મળે છે. જે "Titlebar" તરીકે ઓળખાય છે. જે Application નું નામ [Microsoft Excel] દર્શાવે છે.

➢ **Menubar :**

Titlebar ની નીચે જોવાં મળતાં bar ને "Menubar" કહે છે. જેમાં Excel Menu નાં જુદા જુદા options  જોવા મળે છે. (દા.ત. File, Edit, View.....)

➢ **Standard toolbar :**

Menubar ની નીચે standard toolbar જોવા મળે છે. જેમાં જોવા મળતા જુદા જુદા tools ને mouse ની મદદથી select કરી ખૂબ જ ઝડપથી અને સહેલાઈથી Editing command નો ઉપયોગ કરી શકાય છે. [દા.ત. Cut, Copy,

➢ **Formating toolbar :**

Standard toolbar ની નીચે formatting toolbar જોવા મળે છે. જેમાં જોવા મળતાં જુદા જુદા tools ને mouse ની મદદથી select કરી formatting command [દા.ત., Font size, Bold, Italic....] નો ઉપયોગ કરી શકાય છે.

➢ **Formulabar :**

Formatting toolbar ની નીચે formulabar જોવા મળે છે. જે ત્રણ ભાગમાં વહેચાયેલો છે. Formulabar નો Left side નો ભાગ જે reference area તરીકે ઓળખાય છે. જે 'Active cell' માટેનું Address દર્શાવે છે. જ્યારે બાકીનો Middle તેમજ Right side નો ભાગ Active cell માં રહેલા data દર્શાવે છે.

➢ **Name box :**

Name box માં insert માંથી જો name create કરેલું હોય તો તે Name પર જવા માટે name box નો ઉપયોગ થાય છે. તેમાં કોઈ એક cell select કરેલ હોય તો તેમાં cell address જોવા મળે છે.

➢ **Column :**

MS Excel માં ઊભી હરોળને Column કહે છે. Column ને Alphabet થી દર્શાવવામાં આવે છે. Excel માં કુલ 256 column આવેલી હોય છે. પહલી column A છે. જ્યારે છેલ્લી column IV હોય છે. છેલ્લી column પર જવા ctrl + → press કરવો અને પહેલી column પર પહોંચવા ctrl + ← press કરવો.

- **Row :**

  MS Excel માં આડી હરોળને Row કહે છે. Row ને Number થી દર્શાવવામાં આવે છે. Excel માં કુલ 65536 Row આવેલી હોય છે. છેલ્લી Row પર જવા માટે Ctrl + ↓ press કરવો અને પહેલી column પર પહોંચવા Ctrl + ↑ press કરવો.

- **Cell :**

  Row અને Column જ્યાં ભેગા થાય ત્યાં Box બને છે. જેને cell કહે છે. દરેક cell નું એક cell address હોય છે. Address માટે પહેલા column અને પછી Row નંબર લગાડતા address બને છે. દા.ત. તમારું cursor Y column અને 20 નંબરની Row માં છે. તો તે cell નું address Y20 છે એમ કહેવાય.

- **Cell Pointer :**

  Worksheet માં આપણે કયા location પર કામ કરી રહ્યા છીએ તે cell pointer દ્વારા જાણી શકાય છે. તદ્ઉપરાંત એક વખત Formula આવ્યા પછી જેટલા cell માં એ formula copy કરવી હોય ત્યાં cell pointer રાખી drag કરતાં formula દરેક cell માં copy થઈ જશે. Number drag કરવા માટે પણ cell Pointer નો ઉપયોગ થાય છે.

- **Statusbar :**

  Application નાં સૌથી નીચેના ભાગમાં statusbar જોવા મળે છે. જેમાં Left side માં Mode Indicate message [દા.ત. Ready, Edit......] જોવા મળે છે. જ્યારે Right side માં Keyboard status Indicator [દા.ત. Caps, Nums વગેરે] જોવા મળે છે.

- **Worksheet :**

  અહીં એક Book ની અંદર Default 3 Sheet હોય છે. એક sheet માં total 65,536. Rows અને 256 [IV] Columns આવેલા હોય છે. Row અને Column ના Intersection ને cell કહે છે.

- **Taskpane :**

  Screen માં ડાબી બાજુ દેખાતા dialog box ને taskpane કહે છે. અલગ અલગ commands માં taskpane માં અલગ અલગ option જોવા મળે છે.

Simple calculation માટે Excel નો ઉપયોગ થાય છે. આ માટે નીચે મુજબ Marksheet નું ઉદાહરણ જોઈએ.

## Marksheet :

- Condition (Foumula કે Function) આપવા માટેની જરૂરી શરતો :
  (1) Formula હંમેશ = થી શરૂ થાય છે.
  (2) Formula માં વચ્ચે space (સ્પેસ) છોડવામાં આવતી નથી.

### (1) Total Calculate :

= Sum(C3:E3) ↵ આપતાં 272 આવશે. C3:E3 ને Range કહેવાય છે.

272 ✚ [Symbol] ની મદદથી માઉસની ક્લીક દબાવીને માઉસ drag કરવું જેથી ઉપરની formula copy થઈ જશે.

### (2) Average :

=Average(C3:E3) ↵ આપતાં 90.67 આવશે.

90.67 ✚ [Symbol] ની મદદથી માઉસની ક્લીક દબાવીને માઉસ drag કરવું જેથી ઉપરના formula ની copy થઈ જશે.

Microsoft Excel - MARKSHEET

SUM =AVERAGE(C3:E3)

| | A | B | C | D | E | F | G | H | I | J | K |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | | | | ACTUNIV | | | | | |
| 2 | ROLL NO | NAME | WORD | EXCEL | P.P. | TOTAL | AVERAGE | MINIMUM | MAXIMUM | STATUS | GRADE |
| 3 | 1 | VIKAS | 90 | 89 | 93 | 272 | =AVERAGE(C3:E3) | | | | |
| 4 | 2 | JUGAL | 56 | 67 | 87 | 210 | | | | | |
| 5 | 3 | CHIRAG | 87 | 98 | 65 | 250 | | | | | |
| 6 | 4 | NOOPUR | 56 | 54 | 34 | 144 | | | | | |
| 7 | 5 | NIRAV | 45 | 45 | 54 | 144 | | | | | |
| 8 | 6 | SAHIL | 78 | 45 | 56 | 179 | | | | | |
| 9 | 7 | AESHA | 56 | 56 | 56 | 168 | | | | | |
| 10 | 8 | PRIYU | 45 | 54 | 76 | 175 | | | | | |

AVERAGE(number1, [number2], ...)

Sheet1 / Sheet2 / Sheet3

### (3) Minumum :

=Min(C3:E3) ↵ આપતાં 89 આવશે.

Microsoft Excel - MARKSHEET

SUM =MIN(C3:E3)

| | A | B | C | D | E | F | G | H | I | J | K |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | | | | ACTUNIV | | | | | |
| 2 | ROLL NO | NAME | WORD | EXCEL | P.P. | TOTAL | AVERAGE | MINIMUM | MAXIMUM | STATUS | GRADE |
| 3 | 1 | VIKAS | 90 | 89 | 93 | 272 | 90.67 | =MIN(C3:E3) | | | |
| 4 | 2 | JUGAL | 56 | 67 | 87 | 210 | 70.00 | | | | |
| 5 | 3 | CHIRAG | 87 | 98 | 65 | [illegible] | [illegible] | | | | |
| 6 | 4 | NOOPUR | 56 | 54 | 34 | 144 | 48.00 | | | | |
| 7 | 5 | NIRAV | 45 | 45 | 54 | 144 | 48.00 | | | | |
| 8 | 6 | SAHIL | 78 | 45 | 56 | 179 | 59.67 | | | | |
| 9 | 7 | AESHA | 56 | 56 | 56 | 168 | 56.00 | | | | |
| 10 | 8 | PRIYU | 45 | 54 | 76 | 175 | 58.33 | | | | |

MIN(number1, [number2], ...)

Sheet1 / Sheet2 / Sheet3

## (4) Maximum

=Max(C3:E3) ↵ આપતાં 93 આવશે.

## (5) Status :

Syntax :

= IF (Condition, True Part, False Part)

| Minumum | Status |
|---|---|
| >=35 | PASS |
| <35 | FAIL |

=if(H3>=35, "PASS", "FAIL") ↵ આપતાં Pass આવશે.

H3=Minumum

**(6) Grade :**

Average Grade

>=70 Dist

>=60 First

>=50 Second

>=35 Pass

<35 Fail

=if (I3 = "PASS", if (G3>=70, "Dist", if(G3>=60,"First", if(G3>=50, "Second", "PASS"))), "FAIL") ↵ આપતાં Dist આવશે.

**અહીં**

I3 = Status

G3 = Average

**(7) Final Marksheet :**

## વિવિધ SYMBOL ના ઉપયોગો :

(1) ✥ આ Symbol નો ઉપયોગ cell ને select કરવા માટે થાય છે.


(2) ↔ આ Symbol નો ઉપયોગ columns ની width વધારવા-ઘટાડવા માટે થાય છે.

(3) ↕ આ Symbol નો ઉપયોગ row ની height વધારવા-ઘટાડવા માટે થાય છે.

(4) ✥ આ Symbol નો ઉપયોગ cell ના content ને copy/ move કરવા માટે થાય છે.

(5) + આ Symbol નો ઉપયોગ ચોક્કસ format ની copy કરવા માટે થાય છે. જેને Handler કહે છે.

## File Menu (Alt+F)



- **New (Ctrl + N) :**


  આ કમાન્ડની મદદથી નવી workbook create કરી શકાય છે. Default book1 જોવા મળે છે. એક workbook ની અંદર ઘણી બધી sheets હોય છે.




New પર ક્લીક કરતાં નીચે મુજબ taskpane જોવા મળે છે.





તેમાંથી Blank workbook પર ક્લીક કરતાં નવી Workbook Open થશે.




- **Open (Ctrl + O) :**

  આ કમાન્ડની મદદથી save કરેલી workbook [.XLS] અને workspace [.XLW] file ને open કરી શકાય છે.






"File Menu" માં "Open" option select કરવાથી અથવા "Ctrl + O" command આપવાથી screen ઉપર Open નું Dialog Box જોવા મળે છે.





જેમાં "Look In" option માં સૌ પ્રથમ જે file open કરવી હોય તે file નું Location એટલે કે તે file કઈ Directory માં છે તેનું નામ select કરવું. ત્યારબાદ "File Name" option માં જરૂરી file name આપતા screen ઉપર Workbook open થયેલી જોવા મળે છે.

- **Close :**

  આ કમાન્ડની મદદથી open કરેલી file ને close કરી શકાય છે.

- **Save (Ctrl + S) :**

  આ કમાન્ડની મદદથી current workbook ને save કરી શકાય છે. Save કરેલી દરેક workbook ને .XLS extension લાગે છે.





File → Save પર ક્લીક કરતાં નીચે મુજબનું dialog box બતાવે છે.




Save in' માં Path આપી ફાઈલ સીલેક્ટ કરી save ઉપર ક્લીક કરતાં ફાઈલ save થઈ જાય છે.

- **Save As :**

  આ કમાન્ડની મદદથી current workbook ની duplicate workbook બનાવી શકાય છે.

- **Save As Web Page :**

  આ કમાન્ડની મદદથી Excel ની file ને HTML format થી Save કરી શકાય છે. આ HTML તરીકે Save કરેલ file ને Web browser માં ખોલી શકાય છે.






File → Save As Webpage પર ક્લીક કરતાં નીચે મુજબનું dialogbox જોવા મળે છે.



Save in માં path select કરી file name type કરી save પર ક્લીક કરતાં ફાઈલ Save થઈ જાય છે.



- **Save workspace :**




આ કમાન્ડની મદદથી એક કરતાં વધારે file ને workspace under save કરી શકાય છે. આ રીતે તૈયાર કરેલ file ને XLW extension લાગે છે.

.XLW Format માં Save કરેલી ફાઈલ .XLS માં Save કરેલી ફાઈલ કરતાં ઘણી ઓછી હોય છે. તે ઓછી જગ્યા રોકતી હોવાથી Save workspace કહેવામાં આવે છે.

- **Page Setup :**

આ કમાન્ડની મદદથી page નું અલગ-અલગ margin અને Header & Footer નું પણ setting કરી શકાય છે.






File → Page Setup



- **Print Area :**

આ કમાન્ડની મદદથી આપેલ Text નો print area નક્કી કરી શકાય છે.

આ માટે જેટલો Print Area જોઈતો હોય તેને select કરી File → Print Area → set Print Area પર ક્લીક આપતાં તેટલો ભાગ print Area તરીકે Select થાય છે. જો Print Area clear કરવો હોય તો Clear PrintArea આપવું.

- **Print Preview :**


આ કમાન્ડની મદદથી Active worksheet print થતા પહેલા તેનું page ઉપર output કેવું મળશે તે અગાઉથી screen ઉપર જોઈ શકાય છે.



File → Print Preview




Print Preview માંથી બહાર નીકળવા માટે close પર click કરતાં બહાર આવી જવાશે.





**Print (Ctrl + P) :**

આ કમાન્ડની મદદથી Active worksheet નું page ઉપર printing કરી શકાય છે.



File → Print પર ક્લીક કરતાં નીચે મુજબનું dialog box જોવા મળે છે.




**Properties :**

આ કમાન્ડની મદદથી active workbook file અંગેની વિગતવાર માહિતી આપી શકાય છે.




File → Properties પર ક્લીક કરતાં નીચે મુજબનું dialog box જોવા મળે છે.




**Exit : (Alt + F4)**

આ કમાન્ડની મદદથી Ms-Excel માંથી બહાર નીકળી શકાય છે.

## Edit Menu (Alt+E)




- **Undo(Ctrl+Z) :**

  આ કમાન્ડની મદદથી worksheet માં કોઈ ચોક્કસ Data કે Graphics માં Editing command થી કોઈ ફેરફાર કરેલ હોય તો તે ફેરફાર ને cancel કરી શકાય છે.

- **Redo (Ctrl+Y) :**

  આ કમાન્ડની મદદથી undo થી દૂર કરેલી effect ને પાછી લાવવા માટે Redo નો ઉપયોગ થાય છે.

- **Cut (Ctrl+X) :**

  આ કમાન્ડની મદદથી select કરેલ કોઈ ચોક્કસ data કે Graphics ને move કરી શકાય છે. આ રીતે દૂર થયેલો ભાગ windows clipboard માં copy થઈ જાય છે. જેથી આ selected ભાગની worksheet માં બીજા ભાગમાં paste command થી move કરી શકાય છે.

- **Copy (Ctrl+C) :**

  આ કમાન્ડની મદદથી selected data કે Graphics ની બીજી જગ્યાએ copy કરી શકાય છે.




સૌ પ્રથમ જેટલો ભાગ copy કરવો હોય તે select કરો.


Edit - Copy પર ક્લીક કરો.


Cursor લઈ જાઓ જ્યાં copy જોઈતી હોય ત્યાં.


Edit → Paste


- **Paste (Ctrl+V) :**

  આ કમાન્ડની મદદથી copy તેમજ cut કમાન્ડની મદદથી અગાઉ select કરેલ data કે graphics ને worksheet માં કોઈ ચોક્કસ ભાગમાં કે અન્ય worksheet માં paste કરી શકાય છે.

- **Paste Special :**

  આ કમાન્ડની મદદથી જ્યારે કોઈ cell ની copy કરવામાં આવી હોય અને તેને paste કરવી હોય ત્યારે copy કરેલા cell માંથી ફક્ત Formulas, Values, Formats, comments, validation વગેરેમાંથી કોઈપણ એક જ paste કરવું છે. તે નક્કી કરવા માટે થાય છે.

  જ્યારે કોઈ cell ની value copy કરી જે - તે cell માં paste કરવી હોય તે cell માં click કરી edit menu માંથી paste special કમાન્ડ પર click કરવાથી નીચે દર્શાવ્યા પ્રમાણેનું dialog box ખુલે છે.




  હવે pasteવાળા cell માં values, formats, formulas, comments કે All વગેરેમાંથી જે જરૂરી હોય તે select કરી OK પર click કરવું.

નીચે મુજબના અલગ અલગ options માંથી જરૂરી મુજબ યોગ્ય option select કરવું.

- **All :**

  copy કરેલા બધા contents, formula, format, border વગેરે બધા એ બધા contents આબેહુબ paste થાય છે.

- **Formula :**

  copy કરેલી formula ની મદદથી એજ formula બીજે જવાબ શોધવા માટે use કરવો હોય ત્યારે cursor (cell pointer) રાખી Formulas પર select કરવાથી તેનો જવાબ મળે છે.

- **Values :**

  copy કરેલ contents માં જો formula પણ આવી જતી હોય અને જ્યાં Paste કરવું છે ત્યાં ખાલી contents જોઈએ છે formula કે formatting ન જોઈતું હોય તો value select કરવાથી ખાલી contents થયેલા જોવા મળશે.

- **Formats :**

  copy કરેલ contents નું ખાલી format એટલે કે font style, color, background વગેરે. જ ખાલી paste કરવું હોય તો format select કરી. OK પર click કરવાથી selected range માં format paste થયેલું જોવા મળશે.

- **Comments :**

  copy કરેલ contents માં જો comment હોય અને જો તે comment ને જ ખાલી paste કરવી હોય તો cell select કરી comment option select કરી OK પર click કરતાં તે cell પર ખાલી comment paste થયેલી જોવા મળે છે.

- **Validation :**

  copy કરેલ range માં validation આવેલું હોય અને તે validation બીજી કોઈ range ઉપર પણ apply કરવું હોય તો જે range પર validation apply કરવું છે તે select કરી paste special માં validation option select કરી OK પર ક્લીક કરતાં validation apply થઈ જાય છે.

- **All expect borders :**

  copy કરેલ contents માં border હોય અને જ્યાં contents Paste કરવા છે ત્યાં border ન જોઈતી હોય તો આ option select કરવું.




- **Column widths :**

copy કરેલ contents ની ખાલી column width પ્રમાણે બીજી column set કરવી હોય તો આ option select કરતા કોઈ contents કે format paste નથી થતા ખાલી column width copy કરેલ column જેટલી થઈ જાય છે.


- **Formulas and number formats :**

copy કરેલ contents માંથી ખાલી ત્યાંની formula અને number format or paste કરવું હોય ત્યા આ option select કરી OK પર ક્લિક કરવું આમ કરતા તેમાં રહેલી comments, coloumn width વગેરે paste નહિ થાય.

- **Values and Number Formats :**

copy કરેલ contents માંથી ફક્ત તેની value અને તેનું number format જ select કરવું હોય તો તે માટે આ option નો ઉપયોગ થાય છે.

- **Fill :**




- **Down :**

  આ option ની મદદથી select કરેલા cell range માં સૌથી ઉપરના cell માં રહેલા contents કે format ની નીચેની તરફ રહેલા દરેક cell copy કરી શકાય છે.

- **Right :**

  આ Option ની મદદથી select કરેલ cell range માં left side નાં cell માં રહેલા contents કે format ની Right side નાં અન્ય બધા જ cell માં કરી શકાય છે.

- **Up :**

  આ Option ની મદદથી select કરેલ cell range માં સૌથી નીચેના cell માં રહેલા contents કે format ની ઉપરની side નાં અન્ય બધા જ cellમાં copy કરી શકાય છે.

- **Left :**

  આ option ની મદદથી select કરેલા cell range માં right side નાં cell માં રહેલા contents કે format ની left side માં અન્ય બધા જ cell માં copy કરી શકાય છે.

- **Series :**

  આ option ની મદદથી select કરેલ cell range માં copy કોઈ numbers કે dates ની series fill કરી શકાય છે.

**દા.ત.** 10/4/2006 થી date ની series column માં enter કરવી છે. તો નીચે મુજબનું dialog box જોવા મળે છે.



સૌ પ્રથમ જે date થી શરૂ કરવું હોય તે date લખી enter આપો. પાછુ કર્સર એ નંબર પર લઈ જાઓ. અહીં date mm-dd-yy format માં છે.



Edit → Fill → Series પર ક્લીક કરતાં નીચે મુજબનું dialog box જોવા મળે છે.




Series

Series in: Rows / Columns
Type: Linear / Growth / Date / AutoFill
Date unit: Day / Weekday / Month / Year
Trend
Step value: 1 Stop value:
OK Cancel



Series in માં column select કરો અને Type માં Date select કરતા Date unit માં day પર ક્લીક કરી OK પર ક્લીક કરતાં તે Date drag કરવાથી નીચે મુજબ number ની series enter થયેલી જોવા મળશે.





- **Justify :**

  આ Option ની મદદથી worksheet માં એક કરતાં વધારે line માં રહેલી text નું justification કરી શકાય છે.

- **Clear :**

  આ કમાન્ડની મદદથી select કરેલ cell range માંથી cell માં રહેલ contents, formats કે notes ને અથવા આ ત્રણેય ને એક સાથે select કરેલ cell માંથી clear કરી શકાય છે.

- **All :**

  Clear All આપવાથી selected cell range ના દરેક cell માં રહેલા contents, formats તેમજ notes ને એક સાથે clear કરી શકાય છે.

- **Formats :**

  Select કરેલ cell range માંથી જે cell નું formating દૂર કરી શકાય છે. જ્યારે contents દૂર થશે નહી.

- **Contents Del :**

  Select કરેલ cell range માંથી જે cell માં માત્ર contents હશે તે જ cell દૂર કરી શકાય છે.

- **Note :**


  Select કરેલ cell range માંથી cell માં માત્ર notes હશે તે જ cell ને દૂર શકાય છે.

- **Delete :**

  આ કમાન્ડની મદદથી select કરેલ કોઈ ચોક્કસ cell, Rows અથવા columns ને delete કરી શકાય છે.

  - **Shift Cells Left :** Selected cell માં રહેલી માહિતી દૂર થઈ જાય છે અને તેની Right બાજુના cells માં રહેલી માહિતી left side આવી જાય છે.

  - **Shift Cells up :** Selected cell માં રહેલી માહિતી દૂર થઈ જાય છે. અને તેની નીચેની બાજુના cells માં રહેલી માહિતી Up side માં જાય છે.




- **Entire Row :** Select કરેલી Row ની તમામ માહિતી દૂર થઈ જાય છે. અને તે આખી Row Blank થઈ જાય છે.
- **Entire Column :** Select કરેલી અથવા cursor જેમાં રાખો તે column ની તમામ માહિતી દૂર થઈ જાય છે અને તે આખી Column blank થઈ જાય છે.

**Delete Sheet :**

આ કમાન્ડની મદદથી Active sheet ને workbook માંથી દૂર કરી શકાય છે.




Edit → Delete sheet પર ક્લીક કરતાં નીચે મુજબનું dialog box જોવા મળે છે.





- Delete કરેલી sheet ને Undo કરવાથી પાછી લાવી શકાશે નહિ.

**Move or Copy Sheet :**




જેમાં "to book" option માં current book નું નામ અથવા તે બીજી book માં move/copy કરી છે. તેનું નામ આપો. જેથી select કરેલી sheet તે આપેલ book માં move થશે.










## Find (Ctrl+F) :




આ કમાન્ડની મદદથી file માંથી [workbook] કોઈ ચોક્કસ શબ્દ કે લાઈનને શોધવી હોય તો શોધી શકાય છે. અહીં find પર click કરતાં નીચે મુજબનું dialog box જોવા મળે છે.








જેમાં "Find what" પર click કરતાં તે શબ્દ શોધી શકાય છે.

## Replace (Ctrl+H) :

આ કમાન્ડની મદદથી find કરેલ word ની જગ્યાએ બીજો word મૂકી શકાય છે.




Find - Replace પર ક્લીક કરતાં નીચે મુજબ dialog box જોવા મળે છે.






જેમાં "Find what" માં જે શબ્દ બદલવો હોય તે અને "Replace with"માં જે નવો શબ્દ મૂકવો હોય તે આપીને Format set કરી "Replace All" પર click કરતાં જૂના શબ્દની જગ્યાએ બીજો નવો શબ્દ જોવા મળે છે.

- **Go To (Ctrl + G) :**

  આ કમાન્ડની મદદથી Active sheet માં cell pointer ને એક cell પરથી બીજા ચોક્કસ cell પર ઝડપથી લઈ જઈ શકાય છે.







- **Object :**

  આ કમાન્ડનો ઉપયોગ જ્યારે Worksheet ની અંદર Picture કે Graphic add કરાવશો ત્યારે જ થઈ શકશે.

## View Menu (Alt+V)




- **Normal :**

  Normal Page view ની અંદર document માં માત્ર એક Horizontal Ruler line હોય છે.


- **Page Break Preview :**

  આ કમાન્ડની મદદથી Active worksheet માં જેટલા data હશે તેનો view જોવા મળે છે.



View → Page Break Preview







- **Task Pane (Ctrl+F1) :**

  Task Pane On/Off કરવા માટે ઉપયોગી છે.

- **Toolbar :**

  આ કમાન્ડની મદદથી Toolbar on/off કરી શકાય છે. અહીં જે Toolbar on હશે તેની આગળ - [✓] mark જોવા મળે છે અને તે screen પર જોઈ શકાય છે.



- **Formulabar :**

  આ કમાન્ડની મદદથી workbook ની સૌથી ઉપર નાં ભાગમાં રહેલ formulabar ને on/off કરી શકાય છે.

Default formulabar display screen પર ON હોય છે.

- **Statusbar :**

  આ કમાન્ડની મદદથી workbook ની સૌથી નીચેના ભાગમાં રહેલા statusbarને on/off કરી શકાય છે.


**Statusbar**

## Header & Footer :

જે Text ને દરેક Page પર Display કરવી હોય તેને દરેક Page પર ન લખતાં Header અને Footer માં લખી લેવાથી તે દરેક Page પર Display થાય છે. આમ, જે Text ને દરેક Page માં ઉપર જોઈતી હોય તેને Header અને Page માં નીચે જોઈતી હોય તેને Footer માં લખવી.



View → Header & Footer પર ક્લીક કરતાં નીચે મુજબનું "Page Setup" નું dialog box જોવા મળે છે.









Header આપવી હોય તો Custom Header સીલેક્ટ કરો અને જો footer આપવી હોય તો Custom Footer પર ક્લીક કરો. Custom Header પર ક્લીક કરતાં નીચે મુજબનું dialog box જોવા મળશે. તેમાં date, time, page no, file name વગેરે buttons આપેલ છે. તેના પર ક્લીક કરતાં તે apply થાય છે. Header ત્રણ section માં divide કરીને જ આપેલું છે.











Header માં type કરી OK પર click કરતાં નીચે મુજબની screen માં Header display થતાં OK પર ક્લીક કરતાં તે worksheet માં apply થઈ જશે.





- **Comments :**

  આ કમાન્ડની મદદથી Insert menu ની મદદથી add કરેલ comments જોઈ શકાય છે.







- **Zoom :**

  આ કમાન્ડની મદદથી screen ઉપર જોવા મળતી worksheet ની size વધારી કે ઘટાડી શકાય છે. અહીં Zoom 10% થી 400% સુધીના different view માં જોઈ શકાય છે. અહીં જે cell range માં zoom કરવું હોય તે cell range કરી zoom કરવાથી તેટલી જ range નું zoom થશે.



View → Zoom પર ક્લીક કરતાં zoom નું dialog box જોવા મળશે.







Zoom Set કરી OK પર ક્લીક કરતાં નીચે મુજબની screen જોવા મળશે.

**ACTUNIV**

| ROLL NO | NAME | WORD | EXCEL | P.P. |
|---|---|---|---|---|
| 1 | VIKAS | 90 | 99 | 90 |
| 2 | JUGAL | 58 | 45 | 87 |
| 3 | CHIRAG | 87 | 98 | 65 |
| 4 | NOOPUR | 65 | 54 | 34 |
| 5 | NIRAV | 45 | 45 | 54 |
| 6 | SAHIL | 78 | 79 | 56 |
| 7 | AESHA | 58 | 58 | 56 |

## Insert Menu (Alt + I)





- **Cell :**

આ કમાન્ડની મદદથી worksheet માં કોઈ ચોક્કસ Row, Column માં cell ની range insert કરી શકાય છે.




Insert → cell પર ક્લીક કરતાં નીચે મુજબનું "Insert" dialog box જોવા મળશે. યોગ્ય Option select કરી OK પર ક્લીક કરતાં Cell insert થાય છે.






- **Rows :**

આ કમાન્ડની મદદથી એક અથવા એક કરતાં વધારે Rows insert કરી શકાય છે.

સૌ પ્રથમ worksheet માં જેટલી Row Insert કરવી હોય તે પ્રમાણે જરૂરી range select કરી "Insert Menu" માં "Rows" કમાન્ડ select કરવાથી જરૂરી blank row insert થઈ જાય છે. Row હંમેશ cursor position થી ઉપરની position પર insert થાય છે. એક worksheet માં 65536 Row હોય છે. તે વધતી નથી પરંતુ data ખાલી transfer થાય છે.

- **Columns :**

આ કમાન્ડની મદદથી એક અથવા એક કરતાં વધારે column insert કરી શકાય છે.

સૌ પ્રથમ worksheet માં જેટલી column insert કરવી હોય તે પ્રમાણે જરૂરી column select કરી "Insert Menu" માં "column" select કરવાથી જરૂરી blank column insert થઈ જાય છે. એક worksheet માં 256 column હોય છે.

- **Worksheet :**

આ કમાન્ડની મદદથી નવી Blank worksheet insert કરી શકાય છે. Default 3 sheet open હોય છે. જેથી Insert worksheet આપતાં sheet 4 current sheet ની left side insert થાય છે.

સૌ પ્રથમ "Insert Menu" માં "worksheet" કમાન્ડ select કરવાથીscreen ઉપરથી Active worksheet દૂર થઈ જાય છે અને નવી Blank worksheet આવી જાય છે.

- **Chart :**

આ કમાન્ડની મદદથી Active worksheet માં select કે અલગ sheet માં select કરેલ data મુજબ તેમજ select કરેલા chart મુજબ chart બનાવી શકાય છે. મુખ્ય બે type ના charts છે. (1) Standard (2) Custom types





સૌ પ્રથમ data select કરો જેનો chart બનાવવો હોય

ACTUNIV




Insert → Chart પર ક્લીક કરતાં નીચે મુજબનું chart wizard open થાય છે. તેમાં જરૂરી chart select કરી Next આપો. Chart કેવો દેખાશે તેનું preview જોવું હોય તો Press and hold to view sample પર ક્લીક કરતાં sample બતાવે છે.






Data Range માં series માં Row કે column select કરી next પર ક્લીક કરવું. Series માં chart column મુજબ તે select કરવું આમ કરવાથી x અને y અક્ષની value change કરી શકાય છે.








અહિં title માં chart નું title અને x અને y કે z અક્ષના નામ આપી શકાય છે.








ત્યારબાદ Gridlines પર click કરતાં major અને minor gridlines (નાના મોટા ખાના) માટેના settings કરી શકાય છે.








ત્યારબાદ legend પર click કરતાં legend ( કયો કલર, કયો વિષય દર્શાવે તે box ) ને કઈ position પર કરવું છે. તે કરી શકાય છે.







ત્યારબાદ Data labels પર ક્લીક કરી જો chart માં lable આપવા હોય તો યોગ્ય Option select કરી labels આપી શકાય છે. જે chart આવે છે તેની ઉપર નામ, Marks, કે વિષય દર્શાવવા માટે ઉપયોગ થાય છે.








ત્યારબાદ Data table પર ક્લીક કરતાં તમે જે data નો chart બનાયો છે. તેનો data તે chart સાથે table સ્વરૂપમાં જોવો હોય તો show data table select કરવું Next પર ક્લીક કરવું




Chart lacation માં તમારે chart ક્યાં insert કરવો છે તે પૂછે છે.



**As New Sheet :** આ Option select કરતાં chart અલગ sheet માં આવે છે. જે વ્યવસ્થિત દેખાય છે.

**As Object in :** આ option select કરતાં chart active worksheet માં આવે છે. પરંતુ તે બરાબર જોઈ શકાતો નથી.

યોગ્ય option select કરી finish પર ક્લીક કરવુ અહિં As new sheet option select કરેલ છે.








Chart નીચે મુજબ દેખાશે.



**Symbol :**

આ કમાન્ડની મદદથી તમે જોઈએ એવા Symbol insert કરી શકો છો.






જે cell માં symbol insert કરવો હોય ત્યાં કર્સર રાખી.




Insert → Symbol પર click કરતાં







યોગ્ય symbol select કરી Insert પર click કરતાં symbol insert થાય છે.

- **Page Break :**

આ કમાન્ડની મદદથી manual page break insert કરી શકાય છે. જ્યારે worksheet ની width કે length વધારે હોય ત્યારે આ worksheet ના અલગ અલગ ભાગને કાગળ ઉપર print કરી શકાય છે.

**રીત :**


Worksheet જે position ઉપર manual page break કરવું હોય ત્યાં cell pointer લઈ જઈ "Insert Menu" માંથી "Page Break" Option select કરવાથી worksheet horizontal તેમજ vertical border ની મદદથી ચાર ભાગમાં વહેંચાયેલી જોવા મળે છે. જ્યારે આ worksheet નું printing કરવામાં આવે ત્યારે આ worksheet ચાર અલગ અલગ page માં printing થાય છે. આ ઉપરાંત worksheet માં અલગ insert કરેલા pagebreak ને "Remove page break" કમાન્ડની મદદથી દૂર કરી શકાય છે.

- **Function :**

Function એક pre-defined tools છે. જેની મદદથી કોઈ ચોક્કસ ગાણિતીક કાર્ય કરી શકાય છે. જેવા કે Sum, Average, Minimum, Maximum, Count વગેરે.




Insert Menu માં function ઉપર click કરવાથી નીચે દર્શાવ્યા પ્રમાણે dialog box ખૂલે છે, આ ઉપરાંત toolbox માં *fx* ઉપર click કરવાથી પણ આજ dialog box ખૂલે છે.






ઉપર દર્શાવેલ dialog box માં search for a function માં Function લખી GO પર ક્લીક કરતાં શોધી શકાય છે. Category માં list માંથી યોગ્ય category select કરવાથી select function માંથી યોગ્ય function select કરી [OK] પર Click કરવું.

હવે જુદા જુદા functions ને સમજવા માટે આપણે નીચે દર્શાવેલા ઉદાહરણોનો ઉપયોગ કરીશું.


- **Sum :**

  select કરેલા cell ની value નો સરવાળો કરવા માટે આ function નો ઉપયોગ થાય છે. Cell ની range નો sum બે રીતે કરી શકાય છે.

**(i) Function Wizard ની મદદથી**

(1) B8 Cell Select કરો.

(2) Function Wizard બટન ઉપર click કરો જેથી નીચે પ્રમાણેનું dialogbox દેખાશે.




(3) Sum Function Match & Trig category માં જોવા મળશે. Sum Function select કરી OK બટન પ્રેસ કરો જેથી નીચે પ્રમાણેનું dialog box જોવા મળે છે.

(4) જે cell માં સરવાળો કરવો હોય તે range સિલેક્ટ કરો.

(5) Range આપ્યા પછી OK પર ક્લીક કરવું.

**(ii) Standard toolbar માંથી ∑ sigma Function નો ઉપયોગ :**







B3:E3 cell સિલેક્ટ કરો.




Sigma Button (∑) પ્રેસ કરતાં selection માં એક cell વધી જશે. અને નવા cell માં Result જોવા મળશે.



■ **Count :**

આ function ની મદદથી જે cell ની Range select કરવી હોય તે Range માં Numeric Value કેટલી છે. તે શોધી શકાય છે.




જ્યાં Count Function નું Result જોઈતું હોય તે cell સિલેક્ટ કરો.





Function Wizard Open કરો.




Function Category માં statistics category માંથી સિલેક્ટ કરો. જેથી નીચે મુજબ dialogbox દેખાશે.










Cell Range સિલેક્ટ કરી OK પર click કરવું.

- **Average :**

  આ function ની મદદથી select કરેલ cell ની Range માં જે value હોય તેની Average શોધી શકાય છે.




જે cell માં Average ની કિંમત જોઈતી હોય તે cell ને select કરો.







Function Wizard open કરી statistics કેટેગરીમાંથી Average સિલેક્ટ કરતાં નીચે મુજબનું dialog box જોવા મળશે.





Range Select કરી OK પ્રેસ કરતાં Result મળશે.

■ **Maximum :**

આ Function ની મદદથી cell ની જે Range select કરી હોય તેમાંથી સૌથી મહત્તમ કિંમત શોધે છે. તેના માટે નીચેનાં steps ધ્યાનમાં રાખો.




જે cell માં maximum ની value જોઈતી હોય તે cell select કરો.





Function Wizard Open કરો. Category માંથી Max સિલેક્ટ કરો. Range સિલેક્ટ કરી OK પર Click કરવું.




■ **Minimum :**

આ Function ને Maximum function થી બિલકુલ Opposite function છે. તે આપેલ Range માંથી સૌથી નાની value શોધે છે.




Cell select કરો.



Function Wizard Open કરી category માં stastistical માંથી Min select કરો.



Range Select કરી OK આપતાં Result જોવા મળે છે.



## Discussion of Some Useful Functions :

Excel દરેક category જેવી કે નંબર, અંકગણિત, ભૂમિતિ, Financial, આંકડાશાસ્ત્ર, date અને time, string, Lookup and reference, database વગેરે માટે ઘણા બધા Function પૂરા પાડ્યાં છે. પરંતુ બધા જ Function ની ચર્ચા કરવાનો આપણી પાસે સમય નથી તો આ Session પૂરૂ કરતા પહેલાં કેટલાક મહત્ત્વનાં Functionની ચર્ચા કરીએ.

### If ( ) :

સૌ પ્રથમ condition ત્યાર પછી condition સાચી હોય તે માટે true value અને ખોટી હોય તો તે માટે false value લખવામાં આવે છે.

If નો ઉપયોગ value અને formula ઉપર condition ચેક કરવા માટે થાય છે.

**Syntax :**

IF (logical_test,value_if_true, value_if_false)

*Explanation*

**Logical_test :** કોઈપણ value કે expression હોઈ શકે છે અને તે સાચી અથવા ખોટી હોઈ શકે છે.

**Value if true :** જો logical test સાચો હોય તો true value લખાય છે જો logical test સાચો હોય અને true value omit કરેલ હોય તો TRUE ટાઈપ થશે. Value if true માં કોઈ ફોર્મ્યુલા હોઈ શકે.

**Value if False :** જો logical text ખોટો હોય તો False value લખાય છે અને જો false value omit કરેલ હોય તો FALSE ટાઈપ થશે. Value if False માં કોઈ ફોર્મ્યુલા હોઈ શકે છે.

***Example***

નીચેના ઉદાહરણમાં A10 Cell value 100 હોય એટલે કે logical test સાચો હોય તો B5 : B15 cells રેન્જનો sum થાય, નહીંતર Logical test False હોય તો Blank cell (“ ”) empty રહેશે.

= IF (A10 = 100, Sum (B5:B15), “ ”)




નીચે આપેલ Worksheet માં નીચેનું ઉદાહરણ કરો.

| | A | B | C |
|---|---|---|---|
| 1 | | Actual Expenses | Predicted Expenses |
| 2 | January | 2000 | 1700 |
| 3 | February | 1200 | 1400 |
| 4 | March | 400 | 600 |

જે તે મહીનાનું બજેટ over છે કે નહીં તે માટે formula લખો. Formulaમાં text નીચેની રીતે લખાય છે.

= IF(B2>C2, "Over Budget", "OK") equals Over budget

= IF(B3>C3,"Over Budget","OK") equals OK

- **Nested If :**

ધારો કે Averagescore ઉપરથી grade આપવો છે તો તેના માટે નીચેનું table જુઓ.

| Average | Grade |
|---|---|
| 89 થી વધુ | A |
| 80 થી 89 | B |
| 70 થી 79 | C |
| 60 થી 69 | D |
| 60 થી ઓછા | E |

તો તેના માટે નીચેનું Nested IF function વાપરી શકાય.

= IF(Averagescore>89,"A",IF(Averagescore>79,"B",IF(Averagescore>69,"C", IF(Averagescore>59, "D", "E")))) ઉપરના ઉદાહરણમાં બીજું If statementની False value પ્રથમ IF statement માટે છે. ત્રીજા IF statementની false value બીજા IF statement માટે છે.

ઉદાહરણમાં ધારો કે પહેલો logical test (Average>89) સાચું હોય તો True valueમાં "A" ટાઈપ થશે અને જો પહેલો logical test ખોટો હશે તો બાકીના If statement ચેક કરશે.

Note IF function 7 nested if સુધી true value અને false value argumentમાં આપી શકાય છે. જ્યારે value if true અને Value if false evalute થાય છે ત્યારે if તેમાં લખેલી value ટાઈપ કરે છે.

- **Look up :**

જ્યારે condition લખો છો ત્યારે ઘણીવાર સાતથી વધારે condition ચેક કરવાની હોય છે. IF conditionની મર્યાદા છે કે સાત જ condition લખી શકાય છે. જ્યારે Ifમાં સાત condition લખો છો ત્યારે પણ વાંચવામાં ઘણી તકલીફ પડે છે. વિચારી જુઓ કે જ્યારે તેમાં સુધારો કરવાનો હોય ત્યારે કેવી પરિસ્થિતિ સર્જાય તો તેના માટે look up alternative છે.

Tableની situation ઉપર આધાર રાખે છે Horizontal કે Vertical તે પ્રમાણે HLookup ( ) કે VLookup( ) નો ઉપયોગ થાય છે.

Vlookup function tableની ડાબી બાજુની કોલમની value શોધે છે અને તે જ rowમાં આવેલ table દ્વારા column value લખે છે. ડાબી તરફ કોલમની માહીતી માટે સરખામણી કરવાની હોય ત્યારે Vlookupનો ઉપયોગ થાય છે.

Hlookup table કે arrayમાંથી ઉપરની Row ની Value શોધી Same columnમાં value ટાઈપ કરે છે. જ્યારે tableની topમાંથી Data Locate કરી Specific row જોવામાં આવે છે ત્યારે Hlookupનો ઉપયોગ થાય છે.

- **VLOOKUP( ) :**

**Syntax :**

VLOOKUP(lookup_value,table_array,col_num,range_lookup)

Explnation (એક્સપ્લેનેશન)

**Lookup_value :** Array ની પહેલી કોલમ શોધવાની value પછીની reference, value કે string હોઈ શકે છે.

**Table_array :** જેમાંથી data જોવાનો હોય તે table તેમાં range કે range nameનો ઉપયોગ reference તરીકે કરી શકાય છે. જેમ કે database કે list.

જો range_lookup true હશે તો table arrayની પહેલી કોલમની value ascending order માં હોવી જોઈએ. -2,-1,01,0,1,2,A-Z, False, True નહીંતર Vlookup સાચી value બતાવશે નહીં જો range_lookup false હોય તો table array sorted હોવું જરૂરી નથી.

Data menu માંથી sort option દ્વારા value ascending orderમાં ગોઠવી શકાય છે.

Table_arrayની first કોલમની Value text, નંબર કે logical value હોઈ શકે.

Upper case અને Lower case બન્ને સરખા જ છે.

**Col_Index_num :** table arrayમાં મેચ થતી valueને કોલમ નંબર તરીકે લેવામાં આવે છે table arrayની પ્રથમ કોલમ માટે 1, બીજી કોલમ માટે 2, એ પ્રમાણે value લખવામાં આવે છે. જો Col_index_num 1 થી નાનો હોય તો vlookup #value error બતાવે છે અને જો table arrayની કોલમ કરતાં મોટો નંબર col_index_numberમાં લખવામાં આવે તો vlookup #REF error બતાવે છે.

**Range Lookup :** Vlookup દ્વારા ચોક્કસ કે approximate match થતી value જોઈએ છે તે અહીં logical value દ્વારા Specify કરવામાં આવે છે. જો ચોક્કસ match ના જોવા મળે તો lookup_valueની નાની valueની પહેલાની મોટી value ટાઈપ થાય છે અને જો false હોય તો vlookup ચોક્કસ match મેળવે છે અને ના મળે તો eror #N/A બતાવે છે.



***નોંધ : જો Vlookup Lookup_value ના શોધો તો અને range_lookup સાચું હોય તો look_valueથી નાની કે equal to valueનો ઉપયોગ કરે છે.***

table arrayમાં આવેલી પહેલી કોલમની નાનામાં નાની valueથી lookup_value નાની હોય તો #N/A મળશે.

જો Vlookup દ્વારા lookup_value ના મળે અને range_lookup false હોય તો vlookup #N/A error બતાવશે.

***Example :***

ધારો કે નીચેના table માં આપેલ average score ઉપરથી grade આપવા છે.

| ***Average*** | ***Grade*** |
|---|---|
| 89 થી વધારે | A |
| 80 થી 89 ની વચ્ચે | B |
| 70 થી 79 ની વચ્ચે | C |
| 60 થી 69 ની વચ્ચે | D |
| 60 થી ઓછા | E |

આવા કિસ્સામાં Worksheet માં ગમે ત્યાં નીચે tabel બનાવો.

Seriesને ધ્યાનથી જોતાં ખ્યાલ આવશે કે આપેલ data lookup value ascending orderમાં છે. હવે જ્યાં answer લખવો હોય ત્યાં નીચે પ્રમાણે formula ટાઈપ કરો.

= Vlookup (B2,$G$2...$H$7,2)

ઉપરની ફોર્મ્યુલા જોતા ખ્યાલ આવશે કે array rangeમાં absolute address આપેલ છે. જેથી copy function કરી શકાશે. જો relative cell address આપેલ હોય તો error result માં જોવા મળશે.

- **HLOOKUP ( ) :**

**Syntax :**

HLOOKUP(lookup_value,table_array,row_index_num,range_lookup)

HLOOKUP નો ઉપયોગ horizentally lookup આપવા માટે થાય છે.

**Lookup_value :** Arrayની પહેલી કોલમની શોધવાની value પછીને reference, value, કે string હોઈ શકે છે. બાકીની value VLOOKUP મુજબ રહેશે.

- **ABS( ) :**

આ functionની મદદથી કોઈપણ નેગેટીવ નંબરને પોઝીટીવ નંબરમાં બદલી શકાય છે.

દા.ત., ABS(-23) નો જવાબ 23 મળશે.

- **MOD( ) :**

આ functionની મદદથી Remainber (શેષ) શોધી શકાય છે.

દા.ત., Mod(37,6) જવાબ 1 મળશે.





- **INT( ) :**

  આ Functionની મદદથી કોઈ અપૂર્ણાંક નંબરને પૂર્ણાંકમાં ફેરવી શકાય છે.

  દા.ત., Int(25.99) જવાબ 25 મળશે.

- **FACT( ) :**

  આ functionની મદદથી કોઈ નંબરની factorial value શોધી શકાય છે. જેમ કે 5ની factorial value {5*4*3*2*1} = 120 થશે.

  દા.ત., FACT ( 5) જવાબ 120 મળશે.

- **POWER( ) :**

  આ function ની મદદથી કોઈ નંબરનો ઘાત કેટલો થાય તે જાણી શકાય છે.

  દા.ત., POWER(5,2) જવાબ 25 થશે.

- **SIGN( ) :**

  આ function ની મદદથી numberની sign જાણી શકાય છે. એટલે કે જો number positive હશે તો જવાબ 1 મળશે, જો number 0 હશે તો જવાબ 0 મળશે અને નંબર negative હશે તો જવાબ -1 મળશે.

  દા.ત., SIGN(-9) જવાબ -1 મળશે.

  SIGN(0) જવાબ 0 મળશે.

  SIGN(9) જવાબ 1 મળશે.

- **Name :**

  આ કમાન્ડની મદદથી જે માહિતી વારંવાર જરૂર પડતી હોય તેને shortname આપીને add કરવાથી, ફરી જ્યારે તે માહિતી ઉપર ઝડપથી જવું હોય ત્યારે જઈ શકાય છે.




સૌ પ્રથમ જે માહિતી Define કરવી હોય તેને select કરો.




Insert → Name → Define પર ક્લીક કરતાં નીચે મુજબ dialog box જોવા મળે છે.




જ્યાં define name માં short name type કરી Add પર click કરવું અને પછી OK પર click કરો આથી તે નામ define થશે.




આ રીતે define કરેલ short name formulabar પર તે name select કરી click કરવાથી તે define કરેલા name પર જઈ શકાય છે.

- **Paste :**

  આ કમાન્ડની મદદથી જે માહિતી વારંવાર જરૂર પડતી હોય તેને shortname આપીને add કરવાથી, ફરી જ્યારે તે માહિતી ઉપર ઝડપથી જવું હોય ત્યારે જઈ શકાય છે.

- **Create :**

  આ કમાન્ડની મદદથી કોઈપણ name define (create) કરી શકાય છે.


- **Comment :**




આ કમાન્ડની મદદથી ચોક્કસ cell પર કોઈ comment મૂકવી હોય તો મૂકી શકાય છે.



Insert - comment પર ક્લીક કરી comment type કરી શકાય છે.





- **Picture :**

  આ કમાન્ડની મદદથી Active Worksheet માં કોઈ ચોક્કસ Picture insert કરી શકાય છે.

- **Diagram :**

  આ કમાન્ડની મદદથી જોઈએ તેવા diagram select કરી બનાવી શકાય છે.








Insert → Diagram પર ક્લીક કરવાથી diagram gallery માં યોગ્ય diagram select કરવાથી OK પર click કરવું.


- **Object :**




આ કમાન્ડ select કરવાથી નીચે મુજબ dialog box જોવા મળે છે.



જેમાંથી જે application select કરીશું તે application ની open તરીકે store કરી શકાય છે.



- **Hyperlink (Ctrl+K)**




Hyperlink નો ઉપયોગ એક ફાઈલમાં બીજી ફાઈલને link કરવા માટે થાય છે. Internet ના દરેક webpage પર Hyperlink આપેલી હોય છે. Hyperlink નો વધારે પડતો ઉપયોગ webpage બનાવવા માટે થાય છે. આ કમાન્ડની મદદથી કોઈપણ cell માં Hyperlink મૂકી શકાય છે. અથવા કોઈ select કરેલી Hyperlink ને edit કરી શકાય છે.

## Format Menu (Alt+0) :

- **Cells... (Ctrl+1)**

આ કમાન્ડની મદદથી Worksheet માં select કરેલા cell નું Alignment, Number, Font, border વગેરે બદલી શકાય છે.








સૌ પ્રથમ જે Range નું formatting કરવું હોય તેને select કરો.





Format → Cell પર click કરતાં નીચે મુજબનું dialog box open થતાં પહેલા number option open થશે. એમાં જે number format set કરવું હોય તે કરી શકાય છે.







ત્યારબાદ Alignment option માં alignment set કરી શકાય છે.



• **Shrink to fit :-** આ Option select કરવાથી cell માં રહેલા contents મુજબ automatic cell ની range થઈ જાય છે.

• **Merge Cells :-** એક કરતાં વધારે cell ને ભેગા કરી એક cell બનાવવામાં આ option નો ઉપયોગ થાય છે. જેટલા cell ને merge કરવી હોય તે select કરી merge cell select કરી ok પર click કરતાં merge cells જોવા મળે છે.

• **Wrap text :** જો એક line માં લખાણ ન આવે તો તે બીજી line માં transfer થઈ જાય છે.








**Font Option** માં font, color, size, style, underline set કરી શકાય છે.




**Border option** માંથી border style, color apply કરી શકાય છે.









ત્યારબાદ pattern option માંથી backround color apply કરી શકાય છે.



**Row :**

આ Option માંથી Row નાં Setting કરી શકાય છે.




■ **Hight :**

આ Option ની મદદથી Row ની height change કરી શકાય છે.




જે Row પર cursor હશે જેમાં Row height box માં જરૂરી height type કરી Enter press કરવાથી row ની height change કરી શકાય છે. Standard Row height (12.75) હોય છે. Row ની Height 0 થી 409 સુધી એન્ટર કરી શકાય છે. જો 0 (શૂન્ય) value આપીશું તો row hidden થઈ જશે.




■ **Auto fit :**

આ option ની મદદથી select કરેલ row ની height તેના font size પ્રમાણે Automatic fit કરી શકાય છે.

■ **Hide (Ctrl+9)**

આ Option ની મદદથી selected row ને hide કરી શકાય છે.


■ **Unhide (Ctrl+Shift+9)**

આ option ની મદદથી worksheet માં hide કરેલ row ને Unhide કરી શકાય છે.





## Column :




### Width :

આ option ની મદદથી select કરેલ column ની width change કરી શકાય છે.




"Column Width" box માં જરૂરી width type કરી OK પર ક્લીક કરતાં width change કરી શકાય છે. standard column width (8.43) હોય છે. column width 0 થી 255 સુધી enter કરી શકાય છે.

### Auto selection :

આ option ની મદદથી select કરેલ column માં રહેલા દરેક cell માં content ને જોઈ શકાય છે. તેવી minimum width Automatic set કરી શકાય છે.

### Hide (Ctrl+0) :

આ Option ની મદદથી worksheet માં select column ને hide કરી શકાય છે.


### Unhide (Ctrl+Shift+0)

આ Option ની મદદથી Worksheet માં અગાઉ hide કરેલી column ને Unhide કરી શકાય છે.

### Standard Width :

આ Option ની મદદથી જો અગાઉ column ની width માં ફેરફાર કરેલ હોય તો તે Width ને change કરી Standard Width (8.43) કરી શકાય છે.

## Sheet :



- **Rename :**

  આ Option ની મદદથી select કરેલ sheet નું નામ change કરી શકાય છે. Rename પર click કરતાં Active Sheet Select થશે. તેમાં Sheet નું જે નામ આપવું હોય તે આપવાથી તે નામે sheet જોવા મળશે.

- **Hide :**

  આ Option ની મદદથી select કરેલ worksheet hide કરી શકાય છે.

- **Unhide :**

  આ Option ની મદદથી hidden sheet નું list જોઈ શકાય છે. જેમાં જે sheet ને Unhide કરવાની હોય તેને select કરીને OK આપવું.

- **Background :**

  આ કમાન્ડની મદદથી sheet ની background માં કોઈ picture insert કરી શકાય છે.

- **Tab color :**

  આ કમાન્ડ પર click કરતા active sheet ને color apply કરી શકાય છે.

## Auto Format :

આ કમાન્ડની મદદથી worksheet માં select કરેલ cell range કે table ની format change કરી શકાય છે.





Cell Range Select કરો.




Format → Auto Format પર click કરતાં dialog box open થશે.





યોગ્ય format select કરી OK પર click કરતાં તે apply થઈ જાય છે.



- **Conditional Formating :** આ Option ની મદદથી current worksheet માં conditional wise કોઈ data ને formatting કરી શકાય છે. Formating કરીને યોગ્ય color, border, pattern set કરી શકાય છે. Data ને Maximum 3 conditional formating આપી શકાય છે.




Range select કરો.









Format → Conditional Formatting પર ક્લીક કરતાં નીચે મુજબ dialog box open થશે.




Range type કરી format પર ક્લીક કરી યોગ્ય format select કરી OK પર click કરતાં નીચે મુજબ Result જોવા મળશે.




- **Style :**


આ option ની મદદથી selected કરેલ cell માં અલગ અલગ style ની effect આપી શકાય છે. અહિં નવી style Add પણ કરી શકાય છે. અને delete પણ કરી શકાય છે.

## Tools Menu (Atl+T) :




### Spelling (F7) :


આ કમાન્ડની મદદથી sheet માં ચોક્કસ word નો spelling check કરી તેની જગ્યાએ નવો word replace કરી શકાય છે.




અહિં change પર click કરવાથી selected suggestion તે cell પર replace થાય છે. તેમજ Ignore પર click કરવાથી તે cell content ને Ignore કરી next cell પર pointer આગળ જાય છે. અહિં add પર click કરવાથી library માં નવો word ઉમેરી શકાય છે.

- **Research :**

  આ કમાન્ડની મદદથી કોઈ શબ્દનો સમાનાર્થી શબ્દ શોધી શકાય છે. અને બીજી ભાષામાં ભાષાંતર પણ કરી શકાય છે.




- **Error Checking :**

  આ કમાન્ડની મદદથી sheet માં આપેલી formula માં કોઈ ભૂલ હોય તો તે શોધીને સુધારી શકાય છે.

- **Speech :**

  આ કમાન્ડની મદદથી excel માં voice recording કરી શકાય છે. આના માટે તમારે microphone ની જરૂર પડે છે.


- **Share Workbook :**

  આ કમાન્ડની મદદથી જ્યારે એક કરતાં વધુ user ને computer ઉપર કામ કરવું હોય ત્યારે બીજો user તેનું નામ add કરીને પ્રથમ user સાથે worksheet share કરી શકે છે. આ કમાન્ડનો ઉપયોગ network માં થાય છે.




## Track Changes :

### Highlight Changes :




આ કમાન્ડની મદદથી worksheet માં selected cell માં કોઈ word બદલીને નવો word type કર્યો હોય ત્યારે તે change કરેલ word cell માં normal word કરતાં અલગ color માં જોવા મળે છે અને જ્યારે આપણે તે word ઉપર pointer લઈ જઈએ ત્યારે આપણે change કઈ તારીખે, ક્યાં સમયે કર્યું છે. અને change કર્યા પહેલા કયો word હતો તે પણ જાણી શકાય છે.

### Accept or Reject Changes :





આ કમાન્ડની મદદથી worksheet માં change કરેલ word accept અથવા reject કરી શકાય છે.

## Protection :

### Protect Sheet :

આ કમાન્ડની મદદથી excel માં બનાવેલ worksheet ને protect કરી શકાય છે.






Tools → Protection → Protect sheet પર click કરતાં નીચે મુજબનું dialog box open થશે.





તેમાં password enter કરી OK કરતાં ફરીથી confirm password માટે પૂછતાં તે જ password enter કરી OK આપતાં sheet protected થઈ જાય છે.

■ **Protect Workbook :**

આ કમાન્ડની મદદથી excel માં બનાવેલ workbook ને protect કરી શકાય છે.




Tools → Protection → Protect Workbook પર ક્લીક કરતાં નીચે મુજબનું dialog box open થશે.




Windows ✔ tick કરી password type કરી OK પર ક્લીક કરતાં confirm password માં ફરીથી password enter કરી OK પર ક્લીક કરતાં Workbook protected થઈ જાય છે.


■ **Goal Seek :**

આ કમાન્ડની મદદથી આપણે formula આપેલ cell માં નક્કી કરેલ target પ્રમાણેની value શોધી શકાય છે.

ઉપરોક્ત ઉદાહરણમાં Roll no 3 નાં student chirag નું total 217 ના બદલે 240 કરવું છે.




Tools → Goal Seek પર ક્લીક કરતાં નીચે મુજબનું dialog box જોવા મળે છે.





Tools → Goal Seek પર ક્લીક કરતાં નીચે મુજબનું dialog box જોવા મળે છે.

**Goal Seek**

| | |
|---|---|
| Set cell: | F5 |
| To value: | 240 |
| By changing cell: | $E$5 |

OK Cancel



જેમાં "Set cell" માં જે cell માં ફેરફાર જોઈએ છીએ તે આપવું. ત્યારબાદ "to value" માં જે ફેરફાર કરવો છે. તે Target value આપવી અને By Changing cell" માં જે cell માં change કરીને Target Value મેળવવાની છે. તે select કરી OK આપતાં નીચે મુજબ "Goal Seek Status" નું dialog box જોવા મળે છે.

**Goal Seek Status**

Goal Seeking with Cell F5
found a solution.

Target value: 240
Current value: 240

OK Cancel Step Pause



જેમાં Target Value add current value જોવા મળે છે. અહિં "Goal Seek Status" માંથી OK આપતાં worksheet માં આપેલ Target value મુજબ selected cell માં ફેરફાર થયેલો જોવા મળે છે.

Microsoft Excel - MARKSHEET

F5 =SUM(C5:E5)

| | A | B | C | D | E | F | G | H | I | J | K |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | | | ACTUNIV | | | | | | |
| 2 | ROLL NO | NAME | WORD | EXCEL | P.P. | TOTAL | AVERAGE | MINIMUM | MAXIMUM | STATUS | GRADE |
| 3 | 1 | VIKAS | 90 | 89 | 90 | 272 | 90.67 | 89 | 90 | PASS | DIST |
| 4 | 2 | JUGAL | 52 | 45 | 87 | 188 | 62.67 | 45 | 87 | PASS | FIRST |
| 5 | 3 | CHIRAG | 87 | 98 | 55 | 240 | 80.00 | 55 | 98 | PASS | DIST |
| 6 | 4 | NOOPUR | 56 | 54 | 38 | 148 | 49.33 | 38 | 56 | PASS | PASS |
| 7 | 5 | NIRAV | 45 | 45 | 54 | 144 | 48.00 | 45 | 54 | PASS | PASS |
| 8 | 6 | SAHIL | 76 | 78 | 56 | 212 | 70.67 | 56 | 78 | PASS | DIST |
| 9 | 7 | ARSHA | 56 | 66 | 56 | 168 | 56.00 | 56 | 66 | PASS | SECOND |
| 10 | 8 | PRIYU | 45 | 54 | 76 | 175 | 58.33 | 45 | 76 | PASS | SECOND |
| 11 | | | | | | | | | | | |

- **Scenarios :**

આ કમાન્ડની મદદથી Active Worksheet માં જે change કરીએ છીએ તેને scenarious માં short name સાથે add કરવાથી જૂની અને નવી એમ બંને value જોઈ શકાય છે.

**Example :**


| | | |
|---|---|---|
| **જૂની value :** | **Items** | **Sales price** |
| | Items1 | 100 |
| | Items2 | 200 |
| | Items3 | 150 |
| **નવી value :** | **Items** | **Discount price** |
| | Item1 | 80 |
| | Item2 | 181 |
